# પ્રકરણ–૬ મહાભારતના પરિણય પ્રસંગોની સમીક્ષા

(૧) સામાજિક પ્રદાન
(૨) કૌટુંમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ
(૩) નૈતિક મૂલ્યોનું સિંચન
(૪) સાંસ્કૃતિક મહત્વ
(૫) આધ્યાત્મિક દષ્ટિકોણ
(૬) શાસ્ત્ર–માન્યામાન્ય
પાદટીપ

*  ભૂમિકા :–

ભારતદેશ વર્ણવ્યવસ્થાના પાયા પર ઉભેલો છે. ભગવાને માનવવંશ નિર્માણ કરીને અનેક વિશિષ્ટતાઓનું સર્જન કર્યું છે. ઋષિમૂનિઓએ તેમાં વર્ણવ્યવસ્થા દાખલ કરીને જીવન રીતિ–પદ્ધતિ સરળ બનાવી આપી છે. સમાજરચના એ રીતની હોવી જોઇએ તેમાં સમાજનું સ્થૈર્ય ટકવું જોઇએ અને સમાજનો વિકાસ થવો જોઇએ. નિસર્ગ સાથે સંઘર્ષ કરતો અને વિકાસ સાધતો સમાજ હોવો જોઇએ. તેથી ઋષિમૂનિઓએ ખૂબ જ લાંબો વિચાર કરીને કુટુંબવ્યવસ્થા નિર્માણ કરી અને મનુષ્યને કુટુંબમાં રહેતો કર્યો. આ પ્રસિદ્ધ કુટુંબવ્યવસ્થાને કારણે જ ભારતીય સંસ્કૃતિ વિ માં અદ્વિતીય છે.

ભારતીય સંસ્કૃતિ વૈદિક ધર્મના પાયા પર ઉભેલી છે. વૈદિક ધર્મે અર્થ–કામની શુદ્ધ, સ્વતંત્ર, સુંદર વ્યવસ્થા કરી છે. આ સુંદર વ્યવસ્થા એટલે વર્ણાશ્રમવ્યવસ્થો આ વ્યવસ્થામાં રહીને જ માનવીનો સંપૂર્ણ સર્વાંગી વિકાસ શકતય બને છે. આપણાં પ્રાચીન શાસ્ત્રકારોએ સમાજને ટકાવવા માટે સાળ સંસ્કારોનું નિર્માણ કર્યું હતું. આ સોળ સંસ્કારોમાં વિવાહ સંસ્કાર ખૂબ જ મહત્વનો છે. દરેક મનુષ્ય વિવાહ સંસ્કારથી બંધાય છે. આ સંસ્કાર થયા પછી જ તેનું જીવન પરિપૂર્ણ બને છે. લગ્ન દરેક મનુષ્યના થવા જોઇએ. તેના જીવન–વિકાસનો મુખ્ય આધાર પરિણય સંસ્કાર છે. એટલાં માટે આપણાં શાસ્ત્રકારોએ પરિણય સંસ્કાર નિર્માણ કર્યો.

આપણા પ્રાચીન શાસ્ત્રકારોએ પરિણયને કાયદેસરની સામાજિક માન્યતા અતી છે. એટલાં માટે તો તે મહત્વનો સંસ્કાર માનવામાં આવે છે. ઋષિમુનિઓએ વિવાહસંસ્થા નિર્માણ કરી તેનું કારણ એ છે કે લાંબા સમય સુધી સમાજમાં સ્થિરતા બની રહે. વિવાહવ્યવસ્થા એવી જોઇએ કે જે તોડી ન શકાય. પરિણય આમપણ હોવા જોઇએ. પરિણય આમરણ બનાવવામાં જ તેનું ખરું સ્વાસ્થ્ય છે. આમરણ વિવાહસંબંધના પરિણામે દંપતીમાં એકબીજા પ્રત્યે દઢ ભાવના બંધાય છે. તેઓ એકબીજાના મનોવિકારો અને તરંગો સારી રીતે સમજી શકે છે. તેમની જીવનનિષ્ઠા પરિપકતવ બને છે. તથા અગવડમાં એકબીજાને સાથ આપી, આવેલી અગવડોનો હિંમતથી સામનો કરવાની તેમની માનસિક પૂર્વતૈયારી થઇ શકે.

પરિણય એ આવશ્યક સંસ્કાર છે અને દરેક પુરુષે તેમાં બંધાવું જ જોઇએ. આપણાં પ્રાચીન સ્મૃતિકારોએ સામાજિક પરિણામો ધ્યનમાં લઇને વિવાહસંસ્થાના નિયમો નકતકી કર્યા છે. હજારો વર્ષનું સમાજનું હિત ધ્યાનમાં લઇને આપણાં સમાજશાસ્ત્રીઓએ નિયમો ઘડયા છે, એટલા માટે આ નિયમો સમાજે અપનાવવા જોઇએ. વિવાહ સંબંધી ઋષિઓનો મત છે કે મોટી ઉંમરે લગ્ન થવાં ન જોઇએ તેમ સ્ત્રી યા પુરુષે અપરણિત પણ રહેવું ન જોઇએ. પ્રાચીન ભારતીફ શાસ્ત્ર વિજ્ઞાનના પાયા પર ભેલું છે તેની આપેલી દરેક વ્યવસ્થા વૈજ્ઞાનિકપદ્ધતિ અનુસાર છે. કામશાસ્ત્ર, સુપ્રજનનશાસ્ત્ર, ઉત્ક્રાંતિ, મામસરશાસ્ત્ર એમ બધી વાતોનો યોગ્ય વિચાર કરીને સમાજશાસ્ત્ર ભું થયું છે.

સમાજશાસ્ત્ર સમાજમાં નવી પદ્ધતિઓનો અમલ કરે છે અને લોકો તેનો સ્વીકાર કરે છે. સમાજમાં કામને પણ પવિત્રરૂપ માનવામાં આવે છે. એટલા માટે કામનાના સુખને નિયંત્રણ કરીને તેના પર ધર્મની મહોર મારવી પડશે અને સ્ત્રી પુરુષના સંબંધને પવિત્ર રૂપ આપવું પડશે. આ બધી જવાબદારી આપણાં સમાજશાસ્ત્રની છે. કામવિકારને વૈયકિતતક સ્વૈરવિહારનું સાધન ન બનવા દેતાં તેમાં એક પવિત્ર ભાવના જગાડવાની સમાજશાસ્ત્રની ફરજ છે. આ કામવિકારને પવિત્ર સમજીને ચાલશો તો જ સમાજ ઉત્ક્રાંતિ થશે. આ માટે થઈને આપણા પ્રાચીન સ્મૃતિકારોએ પરિણયને મહત્વનું અંગ માન્યુ છે. પરિણય સંસ્કાર દ્વારા જ પુરુષને સમાજમાં કીર્તિ પ્રાપ્ત થાય છે.

મહાભારતના પરિણય પ્રસંગો અસંખ્ય છે. તેમા મહત્વના પરિણય–પ્રસંગો વિશે આપણે સમીક્ષા કરવાની છે. આપણાં પ્રસ્તુત પ્રકરણમાં આપણે મહાભારતના મુખ્ય પરિણય–પ્રસંગો તથા અન્ય પરિણય–પ્રસંગો, આનુષંગિક પરિણય–પ્રસંગો તથા અન્ય પરિણય–પ્રસંગો રજૂ કર્યા છે. આ બધા જ પરિણય–પ્રસંગોનું સામાજિક પ્રદાન શું છે? આવા પરિણયોથી સમાજને શું ફાયદો થયો તેના વિશે સમીક્ષા કરવાની છે. તે ઉપરાંત કૌટુંમ્બિક વ્યવસ્થા પર શું પ્રભાવ પડયો તે જોવાનું છે. તે ઉપરાંત નૈતિક મૂલ્યોનું સિંચન, નીત્તિમતાના ધોરણો તપાસવાના છે. ત્યારપછી આવા પરિણયો સંપન્ન થયા તો તેનું સાંસ્કૃતિક મહત્વ તપાસવાનું છે. તે ઉપરાંત આધ્યાત્મિક દષ્ટિકોણ શું છે તે તપાસવાનો છે. તે ઉપરાંત આવા પરિણયો થયા તે શાસ્ત્રને માન્ય છે કે પછી શાસ્ત્રની વિરૂદ્ધ થયા છે તેનું ઐતિહાસિકત્ત્યવ તપાસવાનુ આમ, આ પ્રકરણ સમીક્ષાની દષ્ટિએ મહત્વનું પુરવાર થશે.

*** મહાભારતના પરિણય–પ્રસંગોની સમીક્ષા :–**

મહાભારતના પરિણયોમાં આપણે તેમાંથી મુખ્ય–મુખ્ય પરિણય પ્રસંગો લીધા છે. જે પરિણય પ્રસંગો મહાભારતની મુખ્ય કથા સાથે કોઈને–કોઈ રીતે જોડાયેલા છે. જે આ પરિણયો દ્વારા મહાભારતને મુખ્ય કથાને આગળ વધારવામાં મદદરૂપ બને. મહાભારતની કથાવસ્તુ ખૂબ જ વિશાળ છે તેમાં અસંખ્ય કથાઓ જોડાયેલી છે તે કથાઓને ન લેતા મુખ્ય અને આનુષંગિક કથાઓ જ આપણે પસંદ કરી છે. આ બધી જ કથાઓનો મુખ્ય કથા સાથે સંબંધ જોવા મળે છે. આપણે આ કથાઓનું ઐતિહાસિકત્ત્યવ, તેમાંથી મળતો શ્રેષ્ઠ બોધ તથા સમાજ ઉપર તેનું શું પરિવર્તન થયું તે તપાસવાનું છે.

**૧. મુખ્ય પરિણય પ્રસંગો :–**

મહાભારતના પરિણય–પ્રસંગોમાં આપણે સૌ પ્રથમ મુખ્ય પરિણય–પ્રસંગો લીધા છે. તેમાં શાંતનુંના ગંગા સાથે વિવાહ, શાંતનુંના સત્યવતી સાથે વિવાહ, ધૃતરાષ્ટ્રના ગાંધારી સાથે વિવાહ, પાંડવોના વિવાહ અને છેલ્લે પાંડુરાજાના વિવાહનું વર્ણન કર્યું છે. આ બધા જ વિવાહોનું સામાજિક પ્રદાન, કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ, નૈતિક મૂલ્યોનું સિંચન, સાંસ્કૃતિક મહત્ત્યવ, આધ્યાત્મિક દષ્ટિકોપ

તથા શાસ્ત્રને માન્ય જ પરિણય પ્રસંગોની વિસ્તૃત સમીક્ષા કરવાની છે. આ પ્રકરણનો આ જ મુખ્ય ઉદ્દેશ રહેલો છે.

**(૧) શાંતનુના ગંગા સાથે વિવાહ :–**

પ્રાચીન કાળમાં ઈક્ષ્વાકુવંશમાં મહાભિષ નામના રાજા થઇ ગયા. તેઓ મહાન સત્યનિષ્ઠ અને વીર હતા. તેમનો શાંતનું નામનો મહાતેજસ્વી પુત્ર હતો. શાંતનુંના ગંગાજી સાથે વિવાહ થાય છે. તે બન્ને દ્વારા ઉત્પન્ન પુત્રનું નામ દેવવ્રત હોય છે જે મોટા થતા ભીષ્મના નામથી ઓળખાય છે. મહાભારતના આ દિવ્ય વંશજો હતા અને આ લોકોના કારણે ઈક્ષ્વાકુવંશ શ્રેષ્ઠ અને પ્રતિષ્ઠિત બન્યો હતો. દિવ્ય પુરુષોના સંતાનો પણ દિવ્ય જ હોય તે આ શાંતનુંના જીવન ઉપરથી જોવા મળે છે. શાંતનુંના ગંગાજી સાથે ગાંધર્વ વિધિથી લગ્ન થાય છે. પ્રાચીન કાળમાં આ લગ્નને શ્રેષ્ઠ માનવામાં આવતા હતા.

**૧.૧. સામાજિક પ્રદાન :–**

રાજા શાંતનુંના ગંગાજી સાથે વિવાહ થાય છે. આ બન્નેના વિવાહ ગાંધર્વ રીત પદ્ધતિ પ્રમાણે થાય છે. પ્રાચીન શાસ્ત્રોમાં લગ્નના આઠ પ્રકારો આપવામાં આવ્યા છે. તેમાં ક્ષત્રિયો માટે ગાંધર્વ લગ્નને શ્રેષ્ઠ માનવામાં આવયાં છે. આ બન્ને શાંતનું અને ગંગા સુખેથી જીવન પસાર કરે છે. રાજા શાંતનું ખૂબ જ શીલવાન અને તેજસ્વીરાજા હતા આવા મહાપુરુષોના વિવાહો થાય તે સમાજ માટે કાંઇક અંશે ઉપયોગી જ પુરવાર થતા હોય છે. તેઓ મોજ–મજા તથા મનોરંજન માટે આવા પ્રકારના વિવાહો કરતા ન હતા. આવા વિવાહો પાછળ દૈવિ સંકેત અને તે લોકોનું અને તે લોકોનું ભવિષ્યનું આયોજન છુપાયેલું જોવા મળે છે.

રાજા શાંતનુંનુ સામાજિક પ્રદાન પ્રશંસાને પાત્ર છે. તે ધર્માત્મા અને સત્યનિષ્ઠ હતા. અસંખ્ય લોકો તેમનો આદર કરતા હતા. તે રાજા ઈન્દ્રિયનિગ્રહછ હતા. પ્રજાને દાન દેવામાં જરા પણ સંકોચ કરતા ન હતા. તેમજ ક્ષમાવાન તથા ઉત્તમ પ્રકારનું જ્ઞાન તેનામાં વિદ્યમાન હતું. રાજા શાંતનું ધર્મનીતિ અને અર્થનીતિમાં પ્રવિણ હતા. તેઓ સમગ્ર પ્રજાના રક્ષક હતા. રાજા ખૂબ જ ધાર્મિક હતા તેઓ પોતાના રાજયમાં સમાજને જરા પણ દુઃખો થવા દેતા ન હતા. તત્ત્યકાલિન સમયમાં ધાર્મિકતામાં તેઓ સૌથી ઉપર હતા.

રાજા શાંતનું પ્રજાપ્રેમી રાજા હતા. તેમણે સમાજસેવામાં જ પોતાનું જીવન વ્યતીત કર્યું હતું. સમાજ પ્રત્યે તેઓ હંમેશા સજાગ રહેતા હતા. તેમણે પોતાના સમાજમાં લોકોના દુઃખને દૂર કર્યા હતા. પ્રજાને તેમના શાસનમાં કોઈપણ પ્રકારનો ભય હતો નહીં. રાજા શાંતનુંના સમયમાં પ્રજા સુખેથી નિંદ્રા લઇ શકતી હતી. રાજાનું સમાજ પ્રત્યે તો પ્રદાન હતું જ સાથે–સાથે પ્રકૃતિ સાથે પણ ખૂબ જ લગાવ હતો. તેમના રાજ માં હરણ, પક્ષીઓ વગેરેને મારી શકતુ ન હતું. આમ રાજા શાંતનુનું સામાજિક પ્રદાન પ્રશંસાપાત્ર હતું.

## ૧.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

રાજા શાંતનું તથા ગંગાના વિવાહ દ્વારા કૌટુમ્બિક વ્યવસ્થા પર પણ સારો એવો પ્રભાવ જોવા મળે છે. રાજા શાંતનુંનો પૂરુવંશ ખૂબ જ શ્રેષ્ઠ અને પ્રભાવી હતો. આ વંશમાં શીલ, શકિતત કે સંતાનરહિત કોઇ રાજા થયો નથી. શાંતનું રાજાનો વંશ પણ આગળ ચાલે છે. તે રાજાના રાજ માં બ્રાહ્મણોની પ્રધાનતા જોવા મળતી હતી. રાજા શાંતનું સમાજમાં દુઃખી, અનાથ અને પશુ–પક્ષી બધાની રક્ષા કરતા હતા. તે સમયે કૌટુમ્બિક વ્યવસ્થા સુંદર હતી. વર્ણાશ્રમ ધર્મ દિનપ્રતિદિન શ્રેષ્ઠ બનવા લાગ્યો. ક્ષત્રિયો, બ્રાહ્મણોની સેવા કરતા હતા. વૈશ્યો પણ બ્રાહ્મણોને માનથી જોતા હતા. શૂદ્રો ઉપરના ત્રણે વર્ણની પ્રેમથી સેવા કરતા હતા. આમ રાજા શાંતનુંના શાસન કાળમાં કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ હતી.

રાજા શાંતનુનું રાજ પ્રત્યે યોગદાન જ એવું હતું કે સમાજમાં કોઇપણ કુટુંબ ગરીબ ન રહે. કુટુંબની વ્યવસ્થા ઉપર રાજાની સીધી દેખરેખ રહેતી હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રો પરસ્પર હળીમળીને રહેતા હતા. સમાજમાં કતયાંય પણ છેતરપીંડી જોવા મળતી નહતી. લોકો મહેનતનું જ લેતા હતા. મફતનું કાંઇપણ મળે છતા તે સ્વીકારવા તૈયાર ન હતા. પ્રાચીન ઋષિઓએ બતાવેલી વર્ણવ્યવસ્થા પ્રમાણે લોકો જીવન પસાર કરતા હતા. દરેક કુટુંબ સુખી અને સમ્પન્ન હતું. સમાજમાં દરેક લોકોને યોગ્ય કામ મળી રહેતું હતું. સમાજમાં લોકો ખૂબ જ સુખી હતા. કુટુંબ વયવસ્વસ્થા એટલી સમૃદ્ધ હતી કે પરિવાર–પરિવાર વચ્ચે કલહ કતયારેય જોવા મળતો ન હતો. આમ રાજા શાંતનું અને ગંગાના પરિણય દ્વારા કુટુંબો સુખી અને સમૃદ્ધ બન્યા.

## ૧.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–

શાંતનું શ્રેષ્ઠ અને કર્તવ્યપાલન રાજા હતા. તેમના શાસન સમયે પ્રજાનું જીવન ઉચ્ચ અને દિવ્ય હતું. તેમના ગંગા સાથે વિવાહ થયા ત્યારપછી તો તેમનું જીવન વધારે તેજસ્વી બન્યુ હતું. તેમના રાજ માં બધા લોકો નીતિમત્તથી જીવન જીવતા હતા. કતયારેય પણ ચોરી, લૂટફાંટ વગેરે થતા ન હતા. લોકોના જીવન જ ઉચ્ચ અને દિવ્ય હતા કે તે જોઇને ભવિષ્યની પેઢી પણ તે પ્રમાણે જીવવા માટે પ્રેરાય. લોકોનું જીવન ધાર્મિક હતું. લોકો ધૂપ, દિપ, અગરબતી, હોમ–હવન, કર્મકાંડ વગેરે કરતા હતા. સમાજમાં દરેક લોકોની વૃત્તિ સાત્ત્યિવક હતી. શ્રેષ્ઠ અને સારુ મૂલ્ય શિક્ષણ મળતું હતું એટલે સમાજ પણ મૂલ્ય નિષ્ઠ નિર્માણ થતો હતો. આમ, આદર્શ રાજાની પ્રજા પણ આદર્શ બને છે. જો રાજાના જીવનમાં શ્રેષ્ઠ ગુણો સંક્રાંત થયેલા હોય તો તેની પ્રજા પણ મૂલ્ય નિષ્ઠ નિર્માણ પામે.

## ૧.૪ સાંસ્કૃતિક મહત્વ :–

મહારાજા શાંતનુનું જીવન પરમ શ્રેષ્ઠ હતું. તેઓ મહાન જ્ઞાની અને ધર્મનીતિ તથા અર્થનીતિમાં નિપુણ હતા. તેમનું ચરિત્ર જોઇને સમગ્ર પ્રજા એમ વિચારતી હતી કે ધર્મ જ સૌથી શ્રેષ્ઠ છે. રાજા શાંતનું ધાર્મિકતામાં સૌથી શ્રેષ્ઠ હતા. તેમણે સંસ્કૃતિનો સંપૂર્ણ અભ્યાસ કરેલો જોવા મળે છે. તેઓ રાજનીતિમાં

પણ નિપુણ હતા. લોકોની સમસ્યાનું સમાધાન સમાજને માન્ય હોય તે રીતે કરતા હતા. કોઈપણ કાર્યને તેઓ ખૂબ જ ગંભીરતાથી લેતા હતા. તેમણે સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિની સેવા કરી છે. લોકોને સુખી સંપન્ન બનાવીને તેમણે પ્રજાના હૃદયમાં સ્થાન મેળવ્યુ હતું.

શાંતનું જેવા મહાન રાજાઓને કારણે ભારતીય સંસ્કૃતિ આજે વિ   માં શ્રેષ્ઠ છે. પ્રાચીન રાજાઓએ અથાગ પરિશ્રમ કરીને સંસ્કૃતિને જીવંત રાખી છે. શાંતનું રાજાનું દરેક કાર્ય સમાજને ઉપયોગી નિવડયુ છે. તેમણે કરેલા અસંખ્ય કાર્યો દ્વારા પ્રજાના જીવનમાં નવી ચેતના નિર્માણ થઈ છે. રાજા શાંતનુએ પોતાના બાહુબળ દ્વારા સંસ્કૃતિનો વિકાસ કર્યો છે. તેમણે સંસ્કૃતિના વિચારોને કતયારેય નબળા પડવા દીધા નથી.કરેલા એટલે માટે રાજા શાંતનુંના વિવાહનું સાંસ્કૃતિક મહત્વ પણ છે.

**૧.૫ આદ્યાત્મિક દષ્ટિકોણ :–**

રાજા શાંતનુના વિવાહમાં આદ્યાત્મિક દષ્ટિકોણ પણ રહેલો છે. રાજા શાંતનુએ જે કંઈપણ કાર્ય કર્યું છે તે આદ્યાત્મિક દષ્ટિકોણને ધ્યાનમાં રાખીને જ કર્યું છે. રાજા શાંતનુંના વિવાહ થાય પછી તેઓ પ્રજાનું પાલન–પોષણ કરતા–કરતા છત્રીસ વર્ષ સુધી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતાં રહીને વનવાસી જેવું જીવન વ્યતીત કર્યું હતું. ભારતીય હિન્દુ સમાજમાં જીવનના દરેક તબકતકા સાથે આદ્યાત્મિક બાબત જોડાયેલી છે. વિવાહ ગૃહસ્થાશ્રમનું પ્રવેશદ્વા છે. ધર્મ એ હિન્દુ લગ્નની આધારશીલા છે. પરિણય સંસ્કાર દ્વારા જ વ્યકિતત ધાર્મિક કાર્ય કરી શકે તે માટે વિવાહ સંસ્કાર થવા જરૂરી હતા. એટલા માટે જ રાજા ગંગાજી સાથે લગ્ન બંધનમાં જોડાય છે. સમાજની સેવા, યજ્ઞો, તથા અન્ય ધાર્મિક કાર્યો કરવા માટે પત્નીનું સાથે હોવું ખૂબ જ જરૂરી છે. જીવનનાં કેટલાંક ધાર્મિક કાર્યો પતિ–પત્નીએ સાથે મળીને કરવાના હોય છે. એટલા માટે પરિણય સંસ્કાર મહત્વનો હતો. આમ આદ્યાત્મિક બાબતોએ પરિપૂર્ણ કરવા માટે રાજા શાંતનું તથા ગંગાજીના વિવાહ થયા હતા.

**૧.૬ શાસ્ત્રમાન્યા–માન્ય :–**

રાજા શાંતનુ તથા ગંગાના વિવાહ થયા તે સંપૂર્ણ રીતે શાસ્ત્રને માન્ય હતા. કારણ કે શાસ્ત્રકારોએ વિવાહના આઠ પ્રકારો દર્શાવ્યા છે તેમાં ક્ષત્રિયો માટે ગાંધર્વ લગ્નને શ્રેષ્ઠ કહ્યો છે. ધર્મશાસ્ત્રમાં પણ કહ્યું છે કે વિવાહના આઠ પ્રકારોમાં આર્ષ, પ્રાજાપત્ય, આસુર અને ગાંધર્વ વિવાહો ધર્મયુકતત છે.[૧] પ્રાચીન કાળમાં લોકો ધર્મની સત્તા ટકાવી રાખવા માટે આ પ્રકારના વિવાહો કરતા હતા.

રાજાઓ વંશ ટકી રહે તથા સમાજ વ્યવસ્થા અખંડ ટકી રહે તે માટે થઈને પ્રાચીન કાળના રાજાઓ એકથી વધારે વખત લગ્ન કરતા હતા. પરંતુ તેનો મુખ્ય દષ્ટિકોણ વંશને સમૃદ્ધ કરવાનો હતો. રાજાઓ આવા એકથી વધારે વખત લગ્ન કરતા પણ તે શાસ્ત્રને માન્ય હોય તો જ કરતા હતા.

## ૨. શાંતનુંના સત્યવતી સાથે વિવાહ :–

ભારત વંશના મહાન પ્રતાપી રાજાઓમાં શાંતનું પણ એક હતા. શાંતનું રાજા મહાન અને પરાક્રમી હતા. તે જે વૃદ્ધને પોતાના હાથનો સ્પર્શ કરતા, તે જુવાન અને સુખી થઇ જતો હતો. એથી જ એમનું નામ શાંતનું પડ્ હતું.[૨] શાંતનું રાજા મહાન ધર્મજ્ઞ અને નીતિના જાણકાર હતા. ક્ષત્રિયોના ધર્મનું તેઓ હંમેશા પાલન કરતા હતા. યુવાન વયમાં તેમના વિવાહ ગંગાજી સાથે થયા હતા. શાંતનુ અને ગંગાનો પરમ પ્રતાપી પુત્ર દેવવ્રત ભીષ્મ થાય છે. મહારાજા શાંતનુના બીજા લગ્ન પણ થાય છે. તે નિષાદકન્યા સત્યવતી હોય છે. સત્યવતી અને શાંતનુના બે પુત્રો થાય છે. તેમનું નામ ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય હોય છે. પ્રાચીન કાળમાં ક્ષત્રિયો પોતાના વંશને ટકાવવા માટે એકથી વધારે વખત વિવાહ કરતા હતા.

### ૨.૧ સામાજિક પ્રદાન :–

મહારાજ શાંતનું ખૂબ જ પ્રજાપ્રેમી રાજા હતા. તેમણે પોતાના આત્મબળ અને પરાક્રમ દ્વારા સમાજને ઉન્નત અને શ્રેષ્ઠ બનાવ્યો હતો. રાજા શાંતનુ પ્રજાના પ્રિય હતા. તેમણે પોતાના રાજયની પ્રજાને સુખી બનાવી હતી. સમાજમાં ઉચ–નીચના ભેદભાવ જોવા મળતા ન હતા. સમાજમાં દરેક લોકોને સરખું સ્થાન હતું. રાજા મહાન બને છે ત્યારે તેમાં પ્રજાનો પણ સહયોગ હોય છે. પ્રજાના ઉપકાર અને તેના સાથ દ્વારા કોઇપણ રાજા શ્રેષ્ઠ અને મહાન બની શકે છે. ત્યારે રાજાનું પણ છે કે તે કૃતજ્ઞભાવે પ્રજાની જરૂરીયાતો તરફ ધ્યાન આપે.

મહારાજ શાંતનુ પોતાના શૌર્ય અને વીરતા દ્વારા રાજ ના સીમાડાને વધારે છે. પોતાના રાજ ની સીમાને ચારે બાજુથી સુરક્ષિત બનાવે છે અને પોતાની પ્રજાને ભયમાંથી મુકતત કરે છે. મહારાજ શાંતનુના રાજ માં કોઇ દુ:ખી જોવા મળતો નથી તે સમાજને એટલો સમૃદ્ધ બનાવે છે કે દરેક લોકો પોત–પોતાનું કામ શોધી લે છે. રાજા શાંતનુ સમાજ પ્રત્યે ખૂબ જ વફાદાર રહે છે. તેમણે પોતાના સમાજને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે ઘણીબધી મહેનત ઉઠાવી છે. એટલા માટે તે પ્રજાના પ્રિય બની શકતયા હતા. તેના રાજ માં કોઇપણ માણસ સ્વતંત્ર રીતે જીવી શકતો હતો. રાજા શાંતનુનું સમાજ પ્રત્યે આ પ્રકારે સકારાત્મક પ્રદાન રહેલું છે.

### ૨.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

મહારાજ શાંતનુનું રાજ સુખી સંપન્ન રાજ હતુ. તેના રાજ માં દરેક લોકો આનંદથી રહેતા શાંતનુ અને સત્યવતીના લગ્ન થતા રાજયમાં સુખ સમૃદ્ધિમાં વધારી થવા લાગ્યો. રાજા પણ પોતાના કાર્ય કરતા–કરતા સમાજ ઉપર વધારે સ્નેહ રાખવા લાગ્યા. સમાજમાં કોઇ પણ કુટુંબ દુ:ખી નથી ને તે જોવાની રાજાની ફરજ હોય છે. રાજા શાંતનુના રાજ માં દરેક કુટુંબ સુખેથી જીવન પસાર કરતુ હતુ. કુટુંબમાં નાના–મોટાની સંભાળ રાખવામાં આવતી હતી. સમાજમાં વૃદ્ધોનો યોગ્ય આદર કરવામાં

આવતો હતો. દરેક કુટુંબ ધંધો–રોજગાર પ્રાપ્ત કરીને પોતાના જીવનમાં નવી ક્રાંતિનું નિર્માણ કરતા હતા. દરેક કુટુંબ એકબીજાને આદર આપતા હતા. જયારે કોઇપણ પ્રકારની આપત્તિ કે મુશ્કેલી આવે ત્યારે કુટુમ્બો એકબીજાને મદદ કરતા હતા. સમાજમાં દરેક કુટુંબ એકબીજાના સાથ–સહકારથી જીવતા હતા. મહારાજ શાંતનુના જીવનનો આ સૌથી મોટો પ્રભાવ કુટુમ્બ વ્યવસ્થા પર હતો.

**૨.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–**

મૂલ્યનિષ્ઠ સમાજ ત્યારે જ નિર્માણ થાય છે જ ારે તેના રાજામાં શ્રેષ્ઠ સંસ્કારો પડયા હોય મહારાજ શાંતનુ એટલા જ્ઞાની, સત્યનીષ્ઠ અને ધાર્મિક વૃત્તિવાળા હતા કે તેની પ્રજામાં પણ તે ગુણો સંક્રાંત થયા હતા. સમાજ ત્યારે જ લાંબુ અસ્તિત્વ પ્રાપ્ત કરી શકે જયારે તેમાં મૂલ્યો સત્યનિષ્ઠ, દયાભાવ, પ્રેમ, કરૂણા અને કર્મશીલ હોય ત્યારે તે સમાજ પ્રગતિશીલ બને છે. મહારાજ શાંતનુ જ એટલા મહાન અને પરાક્રમી હતા કે જેથી કરીને પ્રજા પણ એટલી જ શુરવીર બની શકી.

મૂલ્યનિષ્ઠ સમાજ નિર્માણ કરવા માટે અસંખ્ય વર્ષોનો સમય લાગે છે. મહારાજ શાંતનુનો વંશ એટલો પ્રાચીન હતો કે તે સમયથી જ સમાજમાં શ્રેષ્ઠ ગુણો નિર્માણ થતા રહ્યા. અને તે મૂલ્યોને શાંતનુએ પણ આગળ વધાર્યા હતા. મહારાજ શાંતનુનું જીવન જ એવું હતુ કે જેનું અનુકરણ કરીને તેની પ્રજા પોતાનું શ્રેષ્ઠ જીવન જીવી શકતી. જેવી રાજા તેવી પ્રજા બનતી હોય છે. રાજાના જીવનમાં જો સારા ગુણો હોય તો તેની પ્રજા પણ તે ગુણો સ્વીકારવા તૈયાર થાય છે. આમ મહારાજ શાંતનુનું આદર્શ જીવન તેની પ્રજામાં નૈતિક મૂલ્યોનું સિંચન કરતુ હતું.

**૨.૪ સાંસ્કૃતિક મહત્વ :–**

મહારાજ શાંતનુ સંસ્કૃતિના સાચા અર્થમાં ઉપાસક હતા. સંસ્કૃતિના પ્રસાર–પ્રચારમાં તેમણે નિસ્વાર્થ યોગદાન આપ્યુ હતું. સમાજને શ્રેષ્ઠ અને સુસંસ્કૃત બનાવવા માટે સંસ્કૃતિનો અભ્યાસ કરવો જરૂરી છે. શાંતનું સુસંસ્કૃત સમાજ નિર્માણ કરે છે. સંસ્કૃતિના આદર્શો, સમાજનું યોગ્ય સંચાલન તથા લોકોને પોતાના જીવન દ્વારા યોગ્ય આદર્શ પૂરો પાડે છે. ભારતીય સંસ્કૃતિ શાંતનુના જીવનને કાયમી માટે યાદ રાખશે કારણ ક. તેમણે શ્રેષ્ઠ સમાજ નિર્માણ કરીને સાચા અર્થમાં સંસ્કૃતિની સેવા કરી છે.

**૨.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–**

મહારાજ શાંતનુ ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન હતા. ધર્મમાં તેને ખૂબ જ વિ ાસ હતો. તેમણે પોતાના આદર્શ જીવન દ્વારા રાજ ની સમગ્ર પ્રજાને ધાર્મિક બનાવી હતી. ધર્મ જ માણસની પ્રગતિનો પથદર્શક છે. ધર્મ દ્વારા જ વ્યકિતત મહાન બની શકે છે. જો સમાજને શ્રેષ્ઠ અને સુસંસ્કૃત બનાવવો હશે તો લોકોના જીવનમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા નિર્માણ કરવી પડશે. મહારાજ શાંતનુના વિવાહ ધાર્મિક દષ્ટિકોણથી યોગ્ય જ હતા. પ્રાચીનકાળમાં રાજાઓના એકથી વધારે લગ્ન થતા હતા. તેનું કારણ હતું કે પોતાના શ્રેષ્ઠ વંશને આગળ વધારવો. શાંતનુ સત્યવતી સાથે બીજા લગ્ન કરે ત્યારે તેનો આશય એવો હોય છે. રાજા શાંતનુ

પોતાના પુત્ર દેવવ્રતને એક વખત જણાવે છે કે ખરેખર તું એકલો જ સેંકડો પુત્રોથી શ્રેષ્ઠ છે પરંતુ ભગવાન ન કરે ને તને કોઇ વિપત્તિ આવી પડે તો. આમ, આ ચિંતાને કારણે શાંતનુ ધર્મનું માર્ગદર્શન મેળવીને અત્યવતી સાથે બીજી વખત વિવાહ ગ્રંથીથી જોડાય છે.

**૨.૬ શાસ્ત્ર–માન્યામાન્ય :–**

શાંતનુ અને સત્યવતીના લગ્ન થાય તે શાસ્ત્રને પણ માન્ય હતા. મહારાન શાંતનું એટલા સંસ્કારી હતા કે તે શાસ્ત્રને વિરૂદ્ધ કોઇ કાર્ય કરી જ ન શકે. એક દિવસ રાજર્ષિ યમુના કિનારે ફરતા હતા ત્યા તેમને એક સ્વરૂપવાન કન્યા જોવા મળી. રાજાએ તેને પૂછયું, 'તું કોની પુત્રી છે?' કન્યાએ કહ્યું, 'હું નિષાદકન્યા છું.' પછી શાંતનું તે કન્યાના પિતા પાસે તેની માંગણી કરે છે. આમ, શાંતનુ અને સત્યવતીના વિવાહ એક પ્રકારે ગાંધર્વ વિવાહ જ હતા. આ વિવાહ ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ કહ્યા છે. એટલા માટે રાજાએ જે કર્યું છે તે શાસ્ત્રને માન્ય જ કર્યું છે. પ્રાચીન કાળના અને તેમાં પણ ભરત વંશના રાજવીઓ કોઇપણ કાર્ય કરે તે શાસ્ત્રના નીતિ–નિયમોને માન્ય જ હોય છે. કારણ કે તે મહાન લોકો એકપણ ભૂલ કરે તો લાંબા સમય સુધી ઇતિહાસ તેની નોંધ લે છે.

## ૩. ધૃતરાષ્ટ્રના ગાંધારી સાથે વિવાહ :

ભરતવંશના મહાન રાજાઓમાં ધૃતરાષ્ટ્રની ગણના થાય છે. તે મહર્ષિ વ્યાસ દ્વારા નિયોગ પદ્ધતિ દ્વારા ઉત્પન્ન અંબિકાના પુત્ર હતા. ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતા. છતા પણ તે મહાબળવાન અને ધર્મજ્ઞ હતા. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના જન્મથી કુરુવંશની ભારે ઉન્નતિ થઇ. ધૃતરાષ્ટ્રએ પોતાના અધિકાર પ્રમાણે અસ્ત્ર–વિદ્યા અને શાસ્ત્ર–જ્ઞાન સંપાદન કર્યું. તેમણે ગજવિદ્યા અને નીતિશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. ઇતિહાસ, પુરાણ અને બીજી અનેક વિદ્યાઓમાં તેમની સારી સૂઝ હતી. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના બ્રાહ્મ વિવાહ થયા હતા. આ વિવાહના આઠેય પ્રકારોમાં સૌથી શ્રેષ્ઠ છે. ગાંધારી પોતાના ચરિત્ર અને સદ્‌ગુણોથી પોતાના પતિ અને પરિવારને પ્રસન્ન રાખવા લાગી.

**૩.૧ સામાજિક પ્રદાન :–**

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના લગ્ન થતા કુરુવંશમાં પ્રસન્નતા વ્યાપી ગઇ હતી. બંને એટલા શ્રેષ્ઠ અને ધાર્મિક વૃત્તિવાળા હતા જેના કારણે સમાજ ઉપર પણ તેની હકારાત્મક અસર પડી હતી. તે બન્નેનાં લગ્ન કરવાનું નકતકી થયું ત્યારે તેના પિતા સુબલ નેત્રહીન ધૃતરાષ્ટ્ર સાથે લગ્ન કરવા માટે થોડી ચિંતામાં હતા. પરંતુ ત્યારપછી કુળ, ખ્યાતિ અને સદાચાર પર વિચાર કરીને લગ્ન કરવાનો નિશ્ચય કરી લીધો. જયારે તેમની પુત્રી ગાંધારીને પોતાના પિતાના નિર્ણયની જાણ થઇ ત્યારે તેમણે પણ હર્ષ વ્યકતત કર્યો. તેમણે વિચાર્યુ કે મારા ભાવિ પતિ નેત્રહીન છે તો હું પણ તેમને અનુકૂળ રહીશ. તે આજીવન પોતાની આંખો પર પટ્ટી બાંધીને જીવન પસાર કરે છે. સુબલની પુત્રી ગાંધારીનું આ શ્રેષ્ઠ સમર્પણ સમાજને માટે મોટામાં મોટું ઉદાહરણ રૂપ કાર્ય હતું. ગાંધારીનું આ પ્રશંસા પ્રેરક કાર્ય સમાજને મોટામાં મોટું પ્રદાન હતું.

### ૩.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના વિવાહથી કૌટુમ્બિક વ્યવસ્થા પર ખૂબ જ પ્રભાવ પડે છે. તે બન્ને દ્વારા શ્રેષ્ઠ કુરુવંશ આગળ ચાલે છે. એકવાર મહર્ષિ વ્યાસ ગાંધારીનસ પાસે હસ્તિનાપુરમાં આવ્યા. ગાંધારીએ સેવા કરીને તેમને બહુ પ્રસન્ન કર્યા. ત્યારે તેમણે ગાંધારીને વરદાન માગવા કહ્યું, ગાંધારીએ પોતાના પતિ જેવા બળવાન સો પુત્રો થાય એવું વરદાન માગ્યું. સમય જતાં ગાંધારીને ગર્ભ રહ્યો અને બે વર્ષ પછી દુર્યોધન અને બીજા અન્ય પુત્રોનો જન્મ થયો. આવી રીતે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનો વંશ આગળ ચાલે છે.

### ૩.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–

ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બન્ને ખૂબ જ નીતિશાસ્ત્રના જાણકાર હતા. તેના જ્ઞાનનો લાભ રાજયમાં રહેતા અન્ય લોકોને પણ થવા લાગ્યો. તેના રાજયમાં ભારે ઉન્નતિ થવા લાગી. સમય પ્રમાણે આપમેળ વરસાદ થવા લાગ્યો. પશુ–પક્ષી વગેરે પણ સેખી થઇ ગયા. તેના રાયમાં સંતોને ખૂબ જ આદર સત્કાર મળવા લાગ્યો. બધા જ લોકો સાત્ત્યિવક ભાવે જીવન પસાર કરવા લાગ્યા. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના સમયમાં રાજયમાં લોકો ખૂબ જ સુખી સંપન્ન થવા લાગ્યા. આમ ધીમે–ધીમે પ્રજામાં સારા ગુણો આવવા લાગ્યા અને પ્રજામાં મૂલ્યો તથા આદર્શોનો વધારો થયો.

### ૩.૪ સાંસ્કૃતિક મહત્વ :–

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના લગ્નથી ભરત વંશ ખૂબ જ ગૌરવ અનુભવતો હતો. હસ્તિનાપુર રાજધાનીમાં દૈવિ વાતાવરણ નિર્માણ પામ્યુ હતુ. રાજયનાં સાધુ–સંતો ખૂબ જ સંતોષ પામ્યા હતા. રાજધાનીમાં સાંસ્કૃતિક વાતાવરણ નિર્માણ પામ્યુ હતુ. લોકો ધર્મમાં શ્રદ્ધા ધરાવવા લાગયા હતા. વર્ણવ્યસ્થા પ્રમાણે લોકો જીવન વ્યતીત કરતા હતા. દરેક લોકો પૂજા, વિધિ, હોમ–હવન, ધાર્મિક કાર્યો વગેરેમાં ભાગ લેતા હતા. બ્રાહ્મણોને દક્ષિણા આપીને પ્રસન્ન કરતા હતા. રાજયમાં સાત્ત્યિવક લોકોની સંખ્યામાં વધારો થવા લાગ્યો. આમ, ધીમે–ધીમે સાંસ્કૃતિક વાતાવરણ નિર્માણ પામ્યુ હતું.

### ૩.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના લગ્ન પાછળનું ભીષ્મપિતામહનું ખૂબ જ  ંડુ ચિંતન હતું. ભલે ધૃતરાષ્ટ્ર અંધ હોય પરંતુ તેના સંતાનો તો રાજયની રક્ષા કરશે તે માટે થઇને તેના પરિણય સંસ્કાર કરવામાં આવ્યા. રાજ શાસ્ત્રના નિયમ પ્રમાણે રાજ નો કોઇપણ વારસ હોવો જોઇએ. ધૃતરાષ્ટ્ર ખૂબ જ ધર્મજ્ઞ હતા અને આધ્યાત્મિક જ્ઞાન પણ તેની પાસે હતુ એટલાં માટે સતી ગાંધારી સાથે તેના વિવાહ કરવામાં આવ્યા. તે બંન્નેનું આધ્યાત્મિક જ્ઞાન તેમના સંતાનોમાં આવે અને તે સંતાનો રાજ નું સંચાલન કરે તો રાજ નું અસ્તિત્વ કાયમ માટે ટકી રહે. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ધર્મની સારી એવી સૂઝ ધરાવતા હતા અને તે બન્ને તે પ્રમાણે જીવન પણ પસાર કરતા હતા. તેમનામાં આધ્યાત્મિક નીતિશાસ્ત્રનું જ્ઞાન હતુ

એટલા માટે જ તે પોતાના હકનું રાજ પોતાના ભાઈ પાંડુને આપી દે છે. કારણ કે અંધ વ્યકિતત રાજ નું સંચાલન કરી ન શકે. આમ, તેનામાં આધ્યાત્મિક સૂઝ પણ હતી.

### ૩.૬ શાસ્ત્ર માન્યામાન્ય

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના લગ્ન બધાની સંમતિથી થયા હતા. તે લગ્ન સંપૂર્ણપણે શાસ્ત્રને માન્ય હતા. લગ્નના શ્રેષ્ઠ પ્રકાર બ્રહ્મ વિવાહ કે જેમાં વેદસંપન્ન સદાચારી પુરુષને બોલાવીને વર અને કન્યાને બંનેને વસ્ત્રાભૂષણથી શણગારી તથા તેમને પૂજીને કન્યાનું જે દાન કરાય તે પ્રકારે પરિણય કરવામાં આવ્યા હતા. ભીષ્મએ ગાંધાર નરેશ સુબલની પુત્રી ગાંધારી બધા લક્ષણોથી સંપન્ન છે અને તેમણે ભગવાન શંકરની આરાધના કરીને સો પુત્રોનું વરદાન પણ પ્રાપ્ત કરી લીધું છે. ત્યારે ભીષ્મએ તેમની પાસે દૂત મોકલીને અને ગાંધારીને માંગણી કરી. આમ ધૃતરાષ્ટ્ર ગાંધારીના લગ્ન શાસ્ત્રને સંપૂર્ણ માન્ય હતા.

### ૪. પાંડુરાજાના વિવાહ :–

પ્રાચીન કાળમાં ભારતવંશ સૌથી શ્રેષ્ઠ મનાય છે. તેમાં ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના જન્મથી કુરુવંશ, કુરુજાંગલ દેશ અને કુરુક્ષેત્ર ત્રણેયની ઉન્નતિ થઈ. પાંડુરાજાના કુંતી સાથે વિવાહ થયા હતા.શૂરસેનની પૃથા નામની બહુ સુંદર કન્યા હતી. આ કન્યાને શૂરસેને કુન્તીભોજને ગોદ આપી હતી. આ ધર્મપુત્રી કુંતી બહુ જ સુંદર અને ગુણવાન હતી. અનેક રાજાઓએ તેની માંગણી કરી હતી. ત્યારે તેમના પિતાએ સ્વયંવરની રચના કરી અને સ્વયંવરમાં કુંતીએ પાંડુને વરમાળા પહેરાવી દીધી. કુંતી અને પાંડુના એક બીજા લગ્ન કરવાનો પણ નિશ્ચય કર્યો. તેમણે મદ્રરાજાના શલ્યની બહેન માદ્રી સાથે પાંડુના વિધિપૂર્વક લગ્ન કર્યા. ધર્મગ્ન પાંડુ પોતાની બંને સ્ત્રીઓ સાથે ખૂબ જ આનંદપૂર્વક રહેવા લાગ્યા.

### ૪.૧. સામાજિક પ્રદાન :–

પાંડુરાજાના કુંતી અને માદ્રી સાથે વિધિપૂર્વક વિવાહ થયા હતા. ભારતીય સંસ્કૃતિ પ્રાચીનકાળથી જ શ્રેષ્ઠ રહી છે. તેમાં આવા શ્રેષ્ઠ રાજાઓ અને તેમના સંતાનો દ્વારા સંસ્કૃતિમાં નવો સંચાર થયો છે. પાંડુરાજા અને તેમની બન્ને પત્ની કુંતી અને માદ્રી દ્વારા પાંચ સંતાનો ઉત્પન્ન થયા હતા. યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, સહદેવ અને નકુળ. આ શ્રેષ્ઠ પુત્રો પૃથ્વી ઉપર રાજય કરે છે. તેના શ્રેષ્ઠ ગુણો, ધર્મનું જ્ઞાન અને સંસ્કૃતિ ઉપરના પ્રેમને લીધે તેઓ પૃથ્વીનું રાજય ભોગવે છે. પાંડુનું આ સમાજને મોટામાં મોટું યોગદાન હતું. પાંડુ અને કુંતીના આવા શ્રેષ્ઠ, સાત્ત્યિવક અને ધર્મને સારી રીતે જાણનાર પુત્રો સમાજને બદલાવે છે. સમાજ ઉપર આસુરી વૃત્તિના લોકોનો નાશ કરે છે અને પૃથ્વી ઉપર ફરી પાછી ધર્મસત્તાની સ્થાપના કરે છે. આનાથી મોટું સમાજને કયું પ્રદાન હોઇ શકે?

## ૪.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

પાંડુના લગ્ન કુંતીભોજની પુત્રી કુંતા અને મદ્ર દેશની માદ્રી સાથે થયા હતા. ભરત વંશમાં ધૃતરાષ્ટ્ર સૌથી મોટા હતા પછી પાંડુ અને વિદુર હતા. ધૃતરાષ્ટ્રના વિવાહ પાંડુ પહેલા થયા હતા પરંતુ પાંડુને ત્યા પહેલા ધર્મરાજ યુધિષ્ઠિરનો જન્મ થયો હતો. પાંડુ રાજાનું વ્યકિતતત્વ જ એવું હતું કે તત્કાલિન સમાજ ઉપર તેની સારી છાપ ઉપસી હતી. કૌટુમ્બિક વ્યવસ્થા સારી રીતે ચાલતી હતી. લોકો ખૂબ જ સુખી હતા. સમાજમાં કતયાંય પણ ગરીબી જોવા મળતી ન હતી. લોકોનું જીવન શુદ્ધ અને સાત્ત્વિક બન્યું હતું.

પાંડુના પરિણયની સમાજ ઉપર બહુ મોટી અસર જોવા મળી હતી. દરેક કુટુંબનાં લોકો સાત્ત્વિક જીવન જીવતા હતા. બ્રાહ્મણોનાં ઘરમાં હંમેશા ઉત્સવો થતા હતા. પાંડુ રાજાનું કાર્ય જોઇને નગરજનોમાં બહુ જ પ્રસન્નતા હતી. રાજધાનીમાં સાધુ–સંતોને યોગ્ય માન–સન્માન મળતા હતા. કટુંબનો કોઇપણ સભ્ય રાજાને મળી શકતો અને પોતાની મુશ્કેલીનું નિવારણ કરી શકતો હતો. સમાજમાં દરેક માણસને યોગ્ય ન્યાય મળતો હતો. નગરના દરેક કુટુંબો સુખી થયા હતા. આમ, પાંડુના વિવાહથી કુટુંબ વ્યવસ્થા પર હકારાત્મક અસર થઇ હતી.

## ૪.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :

પાંડુના લગ્ન થવાથી હસ્તિનાપુરમાં ખૂબ જ આનંદનો અવસર આવ્યો. લોકોના જીવનમાં પ્રસન્નતા જોવા મળી. રાજ માં બધા જ લોકો પ્રસન્નતાથી રહેવા લાગ્યા. પાંડુના ગુણો તેની પ્રજામાં ઉતરી આવ્યા. સમાજમાં લોકો દરેક ઉત્સવોમાં ભાગ લેવા લાગ્યા. લોકોનાં જીવનમાં સદાચાર, ભાઇચારો, પ્રેમ અને હૂંફ વધવા લાગ્યા. લોકો એકબીજાની નિસ્વાર્થ ભાવે મદદ કરતા હતા. હળીમળીને લોકો રહેવા લાગ્યા. સમાજના સારા પ્રસંગોમાં લોકો ઉત્સાહથી જોડાવા લાગ્યા. લોકોનું જીવન સદ્ગુણી બનવા લાગ્યુ. બધા જ લોકો મહેનત મજૂરી કરીને જીવન વ્યતિત કરતા હતા છતા પણ તેનામાં નિરાશાનું નામ ન હતું.

પાંડુરાજા લોકોને દરેક મુશ્કેલીમાં સાથ આપતા હતા. લોકો પણ રાજ પ્રત્યે વફાદાર હતા. નગરમાં કોઇપણ ચોર, ડાકૂ ન હતો. દરેક લોકો મહેનત પર વિ ાસ રાખતા હતા અને મફતનું કંઇપણ મળે છતા તે લેવા તૈયાર ન હતા. સમાજ સુસંસ્કૃત અને સાત્ત્વિક બન્યો હતો. તેનું કારણ હતું કે રાજા સતત લોકોની સમસ્યા પર ધ્યાન આપતા હતા. નગરમાં લોકોનું જીવન સારું બને તેના જીવનમાં નૈતિક મૂલ્યો નિર્માણ થાય તે માટે બ્રાહ્મણો સતત પ્રયત્નશીલ હતા. બ્રાહ્મણો નગરનાં લોકોને નૈતિકમૂલ્યો અને સદાચારના પાઠ શીખવતા હતા.

## ૪.૪ સાંસ્કૃતિક મહત્વ :–

પાંડુરાજાના વિવાહથી કુરુવંશ ખૂબ જ પ્રસિદ્ધ થયો. સંસ્કૃતિ ત્યારે જ મહાન બની શકે જ ારે

તેના ઇતિહાસમાં મહાન પુરુષોનું યોગદાન હોય. ભારતીય સંસ્કૃતિ વર્ષોથી શ્રેષ્ઠ રહી છે. તેની પાછળ મહાન વિર પુરુષોનું બલિદાન રહેલું છે. પાંડુએ પણ કુરુવંશને પ્રસિદ્ધ બનાવવા માટે પૃથ્વીનું સામ્રાજ જીતીને તેનું યોગય સંચાલન કર્યું છે. તેમણે ભીષ્મ, મોટાભાઇ, ગુરૂવનો વગેરે પ્રણામ કરી ચતુરંગિણી સેના સાથે દિગ્વિજય માટે પ્રસ્થાન કરે છે. અનેક રાજાઓ પાંડુ સાથે લડયા અને નષ્ટ થયા. બધાએ પજાજિત થઇને પાંડુનો પૃથ્વીના સમ્રાટ તરીકે સ્વીકાર કર્યો.

મહારાજ પાંડુએ પોતાના વંશને ભારતીય સંસ્કૃતિમાં ઉચ્ચ સ્થાન અપાવ્યુ છે. ભારતીય સંસ્કૃતિ આ કાર્ય માટે સદાયે પાંડુની ઋણી રહેશે. પાંડુ રાજાએ પોતાના બાહુબળ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં અમર કીર્તિ પ્રાપ્ત કરી છે. પાંડુનું આ યોગદાન સદાને માટે યાદગાર રહેશે.

### ૪.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–

પાંડુરાજાના કુંતી અને માદ્રી સાથે વિવાહ થવાથી ભારતવંશ ખૂબ જ કીર્તિને પ્રાપ્ત કરે છે. પાંડુ રાજાએ બાળપણમાં ખૂબ જ વિદ્યા પ્રાપ્ત કરી હતી. તેમણે નીતિશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. ઇતિહાસ, પુરાણ અને અન્ય અનેક વિદ્યાઓમાં તેમની સારી સૂઝ હતી. દરેક વિષયોમાં તેમનું સારુ એવું જ્ઞાન હતું. પાંડુ રાજા એટલાં ધાર્મિક હતા જેને કારણે તેની પ્રજા પણ એટલી જ ધાર્મિક બને એટલા માટે ભીષ્મ તેમના પ્રથમ વિવાહ કુંતી સાથે કરે છે. કુંતી પણ સર્વ ગુણોથી સંપન્ન હતી. બન્નેના વિવાહ થાય તો તેમના સંતાનો પણ તેમના જેવા થાય તે માટે થઇને પાંડુ અને કુંતીના વિવાહ કરવામાં આવ્યા હતા. તે બંનેનું પ્રથમ સંતાન આધ્યાત્મિક જ્ઞાનથી પરિપૂર્ણ ધર્મરાજ યુધિષ્ઠિર તરીકે અવતરે છે.

### ૪.૬ શાસ્ત્ર–માન્યામાન્ય :–

પાંડુ રાજાના પ્રથમ વિવાહ કુંતી સાથે થયા હતા. તે સ્વયંવર દ્વાર થયા હતા. વર અને કન્યાની પરસ્પરની સહમતીથી જે વિવાહ થાય તેને ગાંધર્વ વિવાહ કહેવામાં આવે છે. કુંતી અને પાંડુના આ પ્રકારે પ્રથમ વિવાહ થયા હતા. ગાંધર્વ વિવાહ ક્ષત્રિયો માટે શ્રેષ્ઠ માનવામાં આવયા છે. ત્યાર પછી પાંડુના બીજા વિવાહ માદ્રી સાથે થાય છે. તે વિવાહ પ્રાજાપત્ય પ્રકારના હતા. આ વિવાહમાં બન્ને સ્ત્રી–પુરુષને આશિર્વાદ આપવામાં આવે છે કે તમે બંને સાથે રહી ધર્માચરણ કરો.

આ પ્રકારના વિવાહને પ્રાજાપત્ય વિવાહ કહેવામાં આવે છે. ક્ષત્રિયો માટે બન્ને પ્રકારના વિવાહ શાસ્ત્ર માન્ય જ છે. આમ, પાંડુના વિવાહ ધર્મશાસ્ત્રોને સંપૂર્ણપણે માન્ય હતા.

## ૫. પાંડવોના વિવાહ :–

લગ્ન સંસ્કાર જીવનનો મહત્વ તબકતકો છે. દરેક પુરુષે તેમાં બંધાવું જરૂરી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે પરિણય સંસ્કાર જરૂરી છે. મહાભારતના શ્રેષ્ઠ વીરો પાંડવો પણ પરિણય સંસ્કારથી બંધાય હતા. અર્જુન દ્રૌપદીને સ્વયંવરમાંથી જીતીને ઘરે લાવે છે. ઘરમાં પ્રવેશ કરીને પોતાની

મને કહ્યું કે, 'મા! આજે અમે લોકો આ ભિક્ષા લાવ્યા છીએ.' માતા કુંતીએ પોતના પુત્રો અને ભિક્ષાને જોયા વિના કહી કીધું કે, 'બેટા! પાંચે ભાઇ મળીને તેનો ઉપભોગ કરો.' જ ારે બહાર આવીને જોયું તો ભીક્ષાના રૂપમાં દ્રૌપદી હોય છે. ત્યારપછી ખૂબ જ લાંબી ચર્ચા થાય છે. વ્યાસજી વગેરેનો મત લેવામાં આવે છે અને પછી પાંચેય પાંડવોના લગ્ન દ્રૌપદી સાથે થાય છે.

### ૫.૧. સામાજિક પ્રદાન :–

ભારતીય સંસ્કૃતિ પ્રાચીન કાળથી જ શ્રેષ્ઠ રહી છે. ભારતીય સંસ્કૃતિને ગૌરવ પ્રદાન કરાવવામાં અસંખ્ય વિર પુરુષોનું યોગદાન રહેલું છે. આ વિર પુરુષોમાં પાંડવોનું નામ પણ રહેલું છે. કેટલાય પ્રકારની અગવડોનો સામનો કરીને પાંડવોએ સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે. ભારતીય સંસ્કૃતિ પાંડવોના ઋણને કતયારેય ભૂલી નહિ શકે. મહાભારતકાલિન સમાજને શ્રેષ્ઠ બનાવવામાં પાંડવોનો મહત્વનો ફાળો રહેલો છે. પાંડવો હસ્તિનાપુરનું રાજ સંભાળે અને તે બધા હળી–મળીને રહે તે માટે થઇને મહર્ષિ વ્યાસે પાંચેય પાંડવોના લગ્ન દ્રૌપદી સાથે કરાવ્યા હતા. એકતા હોય તો જ કૌરવ સેનાનો મુકાબલો થઇ શકે. અને આ માટે થઇને પાંડવોને સાથે રાખવામાં આવે છે.

પાંડવોના દ્રૌપદી સાથે લગ્ન થયા એટલે હસ્તિનાપુર રાજ માં ખૂબ જ પ્રસન્નતા જોવા મળી. કારણ કે પાંડવો જ હસ્તિનાપુર રાજ ના સાચા હકદાર હતા. જો પાંડવો રાજ સંભાળે તો હસ્તિનાપુરના લોકોનું જીવન શ્રેષ્ઠ બને. તેમને દરેક પ્રકારની સુવિધાનો લાભ મળે. જ ારે યુધિષ્ઠિર રાજ સંભાળે છે ત્યારે તે પ્રથમ સમાજમાં લોકોને પડતી મુશ્કેલીઓને દૂર કરે છે અને એક શ્રેષ્ઠ પ્રગત સમાજ નિર્માણ કરે છે.

### ૫.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

અભિમન્યુ અને ઉત્તરાના વિવાહ થવાથી કૌટુમ્બિક વ્યવસ્થા પર જબરદસ્ત પ્રભાવ પડે છે. કારણ કે યુદ્ધનો સમય નજીક આવ્યો હોય છે અને યુદ્ધમાં કંઇપણ નકતકી ન રહે. ભયંકર યુદ્ધ થાય તો આખો વંશ નાશ પામે પરંતુ તે જ વખતે અભિમન્યુ અને ઉત્તરાના વિવાહ થાય છે એટલે બધા સંતોષની વ્યકતત કરે છે કે પાંડવોનો વારસદાર કોઇપણ મળી રહેશે. મહાભારતના યુદ્ધમાં પાંડવોના બધા જ પુત્રોને અ  ત્થામા મારી નાંખે છે તેનો આખો વંશ ખલાસ કરવાની કૌરવોની ચાલ હોય છે. ત્યારે અભિમન્યુની પત્ની ગર્ભવતી હોય છે. અભિમન્યુ વીરગતિને પામે છે પરંતુ પાંડવોનો અંતિમ વારસ ઉત્તરાના ગર્ભમાં સુરક્ષીત હોય છે. આમ અભિમન્યુ અને ઉત્તરાના વિવાહ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ પાડે છે.

### ૫.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :

નૈતિક મૂલ્યો માટે થઇને મહાભારતના પાત્રો આદર્શ છે. તેમાં ધર્મરાજ યુધિષ્ઠિર, ભીષ્મપિતામહ, મહાત્મા વિદુર, દ્રોણાચાર્ય, અભિમન્યુ, ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન મુખ્ય છે. અભિમન્યુનો ઉછેર

ભગવાન શ્રીકૃષ્ણએ કર્યો હતો. ગીતારૂપી અમૂલ્ય ટોચનું તત્ત્યવજ્ઞાન પિરસનાર જે અભિમન્યુનો ઉછેર કરે તો પછી તેમાં બાકી જ શું રહે. અભિમન્યુને દરેક પ્રકારની શસ્ત્રવિદ્યાઓ શિખવાડી હતી. ભગવાને બાળપણમાં જ તેના જીવનમાં નૈતિક મૂલ્યોના ગુણોનું સિંચન કર્યું હતું. તે ગુણો યુદ્ધન સમયે કામ આવે છે. જ ારે દ્રોણાચાર્ય ચક્રવ્યૂહની રચના કરે છે અને અર્જુનની ગેરહાજરી હોય છે ત્યારે ચક્રવ્યૂહમાં જવાની અનુમતિ માંગે છે. તેને ખબર હતી કે ચક્રવ્યુહમાં હું અંદર પ્રવેશી જઉ પણ બહાર નીકળતા આવડતુ ન હતું છતાં પણ જાણીજોઇને મોતના મુખમાં જાય છે. આ અજબ સહસ નૈતિક મૂલ્યોનાં ગુણો દર્શાવે છે.

### ૫.૪ સાંસ્કૃતિક મહત્વ :–

ભારતીય સંસ્કૃતિ અભિમન્યુના ચરિને સદાને માટે યાદ રાખશે. અભિમન્યુએ પોતાના અલ્પ આયુષ્યમાં વિશાળ કાર્ય કરીને ભારતીય સંસ્કૃતિને એક વિશિષ્ટ ગૌરવ અપાવ્યુ છે અને પોતાનું નામ અમર કર્યું છે. જો અભિમન્યુ દ્રોણાચાર્ય દ્વારા રચવામાં આવેલા ચક્રવ્યુહમાં ન જાય તો પાંડવો તે દિવસે યુદ્ધ હારી જાય અને ફરી રાક્ષસી વિચારવાળા લોકોનું શાસન આવે. આમ અભિમન્યુ પોતાના મોતને પણ પરવા કરતા નથી અને ચક્રવ્યુહમાં કુદિ પડે છે. તેનો આ સાહસ વધારનાર તેની પત્ની ઉત્તરા હોય છે અને તે અભિમન્યુને એક વીર ક્ષત્રિયાણી બનીને ભાલે તિલક કરીને હસતે ચહેરે વિદાય આપે છે. ભારતીય સંસ્કૃતિ પર આ બન્ને અભિમન્યુ અને ઉત્તરાનું યોગદાન સવિશેષ રહેલું છે.

ભારતીય સંસ્કૃતિ આવા અમર પાત્રોને લીધે વિ  માં પ્રશંસા પામી છે. આવા તેજસ્વી અને દિવ્ય પાત્રોના બલિદાન માટે ભારતીય સંસ્કૃતિ સદાને માટે તેઓની ૠણી રહેશે. ભારતમાં એવા અસંખ્ય પાત્રો થઇ ગયા જેમણે પોતાના અલ્પ આયુષ્યમાં પણ ખૂબ જ સારું એવું કાર્ય કર્યું છે અને વિ  માં માર્ગદર્શનરૂપ બન્યા છે. અભિમન્યુ પણ તેમાંથી એક હતા. તેમણે પણ પોતાના થોડા જ આયુષ્યમાં એટલું પ્રચંડ કાર્ય કર્યું કે આજે પણ લોકો અભિમન્યુના પાત્રને ગૌરવથી યાદ કરે છે. આમ અભિમન્યુનું અને ઉત્તરાનું યોગદાન ભારતીય સંસ્કૃતિ ઉપર રહેલું છે.

### ૫.૫ આદ્યાત્મિક દષ્ટિકોણ :–

ભારતીય સંસ્કૃતિમાં અસંખ્ય વીર સપૂતો થઇ ગયા છે. ભારતમાં ધાર્મિકતાને કાયમને માટે જીવંત રાખી છે. પોતાના જીવની પણ પરવા કર્યા વગર તેમણે ધર્મને બચાવ્યો છે. તેમાં અભિમન્યુનું પણ યોગદાન રહેલું છે. તેમણે પણ ભારતીય સંસ્કૃતિ ઉપર આવનાર આફતનો સામનો કર્યો છે અને ધર્મની સત્તાને ફરી જીવંત કરી હતી. ભારતીય સંસ્કૃતિમાં અસંખ્ય વીરોના ચરિત્રો છે તેમણે પોતાની વીરતા દ્વારા ધર્મનો કતયારેય ક્ષય થવા દીધો નથી. અભિમન્યુ અને ઉત્તરાના વિવાહનો પણ તે જ દષ્ટિકોણ હતો. તે બન્ને ભારતીય સંસ્કૃતિના આદર્શ યુગલો હતા અને ધર્મની સત્તાને ફરી સ્થાપવામાં આ

બંનેનો ફાળો પણ સવિશેષ રહેલો હતો. આમ, અભિમન્યુ અને ઉત્તરાના વિવાહ પાછળ આધ્યાત્મિક દષ્ટિકોણ રહેલો છે.

**૫.૬ શાસ્ત્ર–માન્યામાન્ય :–**

અભિમન્યુ એ પાંડવ પક્ષનો વીર યોદ્ધો હતો. તેના વિવાહ વિરાટ રાજાની પુત્રી ઉત્તરા સાથે થયા હતા. પાંડવો અંતિમ ગુપ્તવાસના વર્ષ દરમ્યાન વિરાટ રાજાને ત્યાં રહે છે. તેના રાજ માં પાંચેય પાંડવો વેશ પરિવર્તન કરીને અલગ–અલગ કામગીરી સંભાળે છે. તેમાં અર્જુન વિરાટ રાજાની પુત્રીને સંગીતની વિદ્યા શિખવાડવાનું કાર્ય કરતો હોય છે. જ ારે પાંડવોનો અજ્ઞાનવાસ પૂર્ણ થાય છે ત્યારે વિરાટ રાજા પોતાની પુત્રીના વિવાહ અર્જુન સાથે કરવાનું કહે છે. ત્યારે અર્જુન કહે છે, 'રાજન! હું તમારી કન્યાને પુત્રીભાવે જ જોતો આવ્યો છું તેણે પણ મારા પર પિતાની જેમ વિ ાસ કર્યો છે. હું ઉત્તરાનો પુત્રવધૂ તરીકે સ્વીકાર કરવા માંગુ છું. આમ, ભગવાન શ્રીકૃષ્ણની હાજરીમાં અભિમન્યુ અને ઉત્તરાના વિવાહ થયા હતા.

**૩. અન્ય પરિણય પ્રસંગો :–**

મહાભારત સાહિત્યનું વિશાળ મહાકાવ્ય છે. તે કથાઓનો મોટો સાગર છે. મહર્ષિ વ્યાસમૂનિએ અસંખ્ય કથાઓને જોડીને એક વિશાળ ગ્રંથ નિર્માણ કર્યો છે. આ કથાઓ સમાજને અનંતકાળ સુધી માર્ગદર્શન આપતી રહેશે. મહાભારતમાં જે ઉપદેશ છે તે અન્ય જગ્યાએ હશે પરંતુ જે મહાભારતમાં નથી તે ઉપદેશ બીજે કતયાંય જોવા નહીં મળે. મહાભારતના પરિણય પ્રસંગોમાં આપણે મુખ્ય પરિણય–પ્રસંગો,આનુષંગિક પરિણય–પ્રસંગો અને હવે અન્ય પરિણય–પ્રસંગો જોવાના છે. તેમાં યયાતિ–દેવયાનીનાં વિવાહ, તપતી–સંવરણના વિવાહ, સુકન્યા–ચ્યવનના વિવાહ અને સાવિત્રી–સત્યવાનના વિવાહ મુખ્ય છે. આ બધા વિવાહોની સમીક્ષા કરવાની છે.

**૧. યયાતિનાં દેવયાની સાથે વિવાહ :–**

ભરત વંશમાં અનેક પ્રતાપી રાજા થઇ ગયા. તેમાં નહુષ નામે એક રાજા થઇ ગયા. નહુષને છ પુત્રો હતો – યતિ, યયાતિ, સંયતિ, આયાતિ, અયતિ અને ધ્રુવ. પતિ યોગ–સાધના કરીને બ્રહ્મસ્વરૂપ થઇ ગયો એટલા માટે નહુષના બીજા પુત્ર યયાતિ રાજા બન્યા. યયાતિએ ઘણા યજ્ઞો કર્યા અને તપથી દેવતાઓ અને પિતૃને પ્રસન્ન કર્યા હતા. એકવાર યયાતિ વનમાં ફરવા માટે ગયા. ત્યાં તેમણે દૈત્યગુરુ મહર્ષિ શુક્રચાર્યની પુત્રી દેવયાનીને જોઇ. દેવયાની રાજાને પોતાની સાથે વિવાહ કરવા જણાવે છે. ત્યારપછી દેવયાનીના પિતા જ પોતાની લાડકી પુત્રીનું કન્યાદાન કરે છે.આમ, યયાતિ અને દેવયાનીના વિવાહ સંપન્ન થાય છે.

**૧.૧ સામાજિક પ્રદાન :–**

ભરતવંશના રાજા યયાતિ ખૂબ જ પ્રતાપવાન રાજા હતા. તેમના વિવાહ દેવયાની સાથે થયા

હતા. યયાતિ અને દેવયાની બન્ને મળીને રાજ નું સંચાલન કરે છે. તેના રાજ ની પ્રજા ખૂબ જ સમૃદ્ધ હતી. રાજ માં દરેક લોકોને કામ–ધંધો મળી રહેતો હતો. રાજ માં કોઈપણ લોકો ગરીબ હતા નહીં. સમાજને તેમણે સુસંસ્કારી અને આત્મનિર્ભર બનાવ્યો હતો. રાજા યયાતિ પોતાનાસમાજને શ્રેષ્ઠ બનાવવા માટે હંમેશા તત્પર રહેતા હતા. આમ, યયાતિ અને દેવયાનીના વિવાહથી સમાજ સમૃદ્ધ અને ગતિશીલ બન્યો હતો.

### ૧.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

યયાતિ અને દેવયાનીના વિવાહ થવાથી તેની રાજધાની અમરાવતી ખૂબ જ ગૌરવ અનુભવે છે. તેમણે અમરાવતીને પહેલા હતી તેનાથી પણ વધારે સમૃદ્ધ બનાવી હતી. રાજા યયાતિને દેવયાનીથી બે પુત્રો થયા યદુ અને તુર્વસુ તથા અન્ય દેવયાનીની સખી શર્મિષ્ઠાથી ત્રણ પુત્રો – દ્રુહ્યુ, અનુ અને પૂરુ થયા હતા. આમ બધા પુત્રોમાં શર્મિષ્ઠાનો પુત્ર પૂરુ શ્રેષ્ઠ હતો. રાજા તેનો રાજ ાભિષેક કરે છે. ત્યારપછી રાજા યયાતિ વાનપ્રસ્થાશ્રમની દીક્ષા લઈને બ્રાહ્મણો સાથે વનમાં ચાલ્યા ગયા. આમ, પૂરુથી જ પ્રસિદ્ધ પૌરવંશનો વિસ્તાર થયો હતો.

### ૧.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–

યયાતિ ખૂબ જ નિષ્ઠાવાન રાજા હતા. તેમણે અને દેવયાનીએ મળીને પોતાની રાજધાની અમરાવતીમાં લોકોના જીવનમાં નૈતિક મૂલ્યોનું સિંચન કર્યું હતું. યયાતિ ક્ષત્રિય રાજા હતો અને તેમણે સારું એવું નીતિશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમણે સારા–સારા ગુરૂઓના સાનિધ્યમાં રહીને શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. દેવયાની પણ બ્રાહ્મણ સ્ત્રી હતી. તેનામાં પણ જન્મજાત નૈતિક ગુણો વિદ્યમાન હતા. આમ બન્નેએ મળીને પોતાનાં રાજયની પ્રજાને સંસ્કારી બનાવી હતી.

### ૧.૪ સાંસ્કૃતિક મહત્વ :–

યયાતિ અને દેવયાની વિવાહ સાંસ્કૃતિક દષ્ટિએ પણ યોગ્ય હતા. યયાતિના પિતા નહુષ ખૂબ જ બુદ્ધિમાન અને વીર હતા. તેમણે ધર્મની મર્યાદામાં પોતાના મહાન રાજ નું શાસન કર્યું. તેમના રાજ માં બધાં સુખીહતા. તેના પિતાનું જ આવું શ્રેષ્ઠ કાર્ય યયાતિએ આગળ વધાર્યું હતું. યયાતિના પિતાએ તેમને વારસામાં જ શ્રેષ્ઠ સંસ્કારો આપ્યા હતા. ભારતીય સંસ્કૃતિ આવા વિરોને કારણે કાયમને માટે આદરણીય રહેશે. ભારતીય સંસ્કૃતિને ગૌરવ આપવામાં આવા અસંખ્ય રાજાઓનો ફાળો છે. રાજા યયાતિ અને દેવયાનીએ પણ પોતાના શ્રેષ્ઠ આચરણ દ્વારા ભારતીય સંસ્કૃતિનું મહત્વ વધાર્યુ છે.

### ૧.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–

પ્રાચીન ભારતીય રાજાઓ બધા ધાર્મિક હતા. તેમણે પોતાના બાહુબળ વડે ધર્મની સત્તાને ટકાવી છે. યયાતિ પણ દેવયાનીની મદદ વડે પોતાના રાજયની પ્રજાને ધાર્મિક બનાવે છે. તેના રાજયમાં દરેક લોકોને યયાતિની વાત માન્ય હતી. યયાતિ જે કંઈપણ ફરમાન કરે તે તેની પ્રજા સહર્ષ

સ્વીકારી લેતી હતી. લોકો ધર્મમાં સારા પ્રમાણમાં હતા. લોકો બ્રાહ્મણોને દાન આપતા હતા અને દરેક ધાર્મિક પ્રવૃતિમાં સહર્ષ ભાગ લેતા હતા. જેવો રાજા હોય, પ્રજા પણ તેના જેવી જ થાય છે. યયાતિ અને દેવયાની વિવાહથી તેનાં રાજયની પ્રજામાં ધાર્મિક વાતાવરણ નિર્માણ પામ્યુ હતું.

### ૧.૬. શાસ્ત્ર–માન્યામાન્ય :–

પ્રાચીનકાળમાં રાજાઓ પોતાનો વંશ આગળ વાવવા માટે એક થી વધારે વિવાહો કહતા હતા. સંસ્કૃતિના રક્ષણ માટે કતયારેક આંતરજ્ઞાતીય વિવાહો પણ થતા હતા. યયાતિ ક્ષત્રિય રાજા હતો અને દેવયાની શુક્રશાર્યની કન્યા હતી. દેવયાની બ્રાહ્મણ હતી છતા પણ તેના વિવાહ યયાતિ સાથે થાય છે. દેવયાની પોતાના પિતાને વિનવે છે કે હું યયાતિ સિવાય કોઇ સાથે વિવાહ નહીં કરું. ત્યારે તેના પિતા રાજીખુશીથી તેના વિવાહ યયાતિ સાથે કરે છે. આમ યયાતિના પિતાને પણ માન્ય હતા. એટલા માટે આ આંતરાજ્ઞાતિય વિવાહ હતા છતા પણ શાસ્ત્રમાન્ય હતા.

### ૨. તપતી–સંવરણનો વિવાહ :

પૂરુ વંશમાં ઋક્ષ નામના રાજા થઇ ગયા. તેના પુત્રનું નામ હતુ સંવરણ. તે બાળપણથી જ ખૂબ બળવાન અને સૂર્ય ભગવાનના ભકતત હતા. એક દિવસ સંવરણ ઘોડા પર બેસીને જંગલમાં શિકાર કરવા માટે ગયા. ભૂખ–તરસથી તેમનો ઘોડો મરી ગયો. તે રસ્તામાં ચાલતા હતા ત્યાં તેમની નજર એક અતિ સુંદર કન્યા ઉપર પડે છે. તે કન્યા રાજાની આંખો અને મનમાં વસી ગઇ. તે ભગવાન સૂર્યની પુત્રી તપતી હતી તથા તે સાવિત્રીની નાની બહેન હતી. સંવરણના તપતી સાથે ગાંધર્વ વિધિથી વિવાહ થાય છે.

### ૨.૧ સામાજિક પ્રદાન :

સૂર્ય સમાન તેજસ્વી સંવરણ અને રૂપવતી કન્યા તપતી બન્નેનાં વિવાહ થાય છે. બન્ને ખૂબ જ સમજદાર હતા. તે પોતાના રાજયની પ્રજાને ખૂબ જ સુખી કરે છે. સંવરણ રાજા પોતાના રાજયના વિકાસ માટે હંમેશ સજાગ રહેતા હતા. તેમણે સરસ મજાની સમાજ વ્યવસ્થા નિર્માણ કરી હતી. તેના રાજયમાં સમાજ–સમાજ વચ્ચે ભેદભાવ જોવા મળતો ન હતો. દરેક લોકો સમાજમાં હળી–મળીને રહેતા હતા. સમાજની દરેક પ્રવૃત્તિમાં બધા લોકો ઉત્સાહથી ભાગ લેતા હતા. રાજા સંવરણ અને તપતીએ આદર્શ સમાજ બનાવ્યો હતો.

### ૨.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

ભગવાન સૂર્યની આરાધના અને પુરોહિત વસિષ્ઠની શકિતતથી સંવરણે તપતીએ પ્રાપ્ત કરી હતી. તે બન્ને સંસ્કાર સંપન્ન દંપતી પોતાના રાજયને પણ સમૃદ્ધ બનાવે છે. તપતી સૂર્ય પુત્રી હતી અને તે જ્ઞાન સંપન્ન હતી જયારે સંવરણ પણ ખૂબ જ પ્રભાવી હોય છે. તે બન્ને પોતાના રાજયમાં દરેક લોકોનસ સંભાળ રાખે છે. દરેક કુટુંબને યોગ્ય કામ મળી રહે તથા લોકો પોતાનો જીવન વિકાસ સારી

રીતે ચલાવી શકે તેવી વ્યવસ્થા તેઓ કરે છે. આમ, સંવરણ અને તપતીના વિવાહનો કૌટુમ્બિક વ્યવસ્થા પર સારો પ્રભાવ પડે છે.

### ૨.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–

સંવરણ અને તપતીના જીવનમાં પહેલાથી જ નૈતિક મૂલ્યોનું સિંચન થયેલું હતું. તેમના આ નૈતિક ગુણોની અસર તેના રાજયની પ્રજામાં પડયા હતા. જો રાજાના જીવનમાં સારા ગુણો હોય તો જ તે પોતાની પ્રજાનો વિકાસ કરી શકે છે. આ ગુણો સંવરણમાં વિદ્યમાન હતા. તેમણે પોતાના રાજયની પ્રજાને સ્વાશ્રયી બનાવી હતી. પ્રજામાં શ્રેષ્ઠ ગુણો સક્રાંત થયેલા હતા એટલા માટે પ્રજા પણ તેજસ્વી હતી. રાજા સંવરણ અને તપતીના ગર્ભથી કુરુનો જન્મ થયો હતો. જેમનાથી કુરુવંશ આગળ ચાલે છે. આમ નૈતિક મૂલ્યોની અસર તેના પુત્ર કુરુના જીવનમાં પણ થાય છે.

### ૨.૪ સાંસ્કૃતિક મહત્વ :–

મહાભારતનો વંશ કુરુવંશ તરીકે પણ ઓળખાય છે. મહાભારતના પુર્વપુરુષ કુરુરાજા થઇ ગયા હતા. જે સંવરણ અને તપતીના સંતાન હતા. સંસ્કૃતિ આજે કુરુ રાજાને પણ હર્ષથી યાદ કરે છે. પ્રાચીન રાજવીઓ પોતાના વંશને આગળ વધારે છે સાથે–સાથે ભારતીય સંસ્કૃતિનું પણ રક્ષણ કરે છે. દરેક રાજાઓ પોતાના જીવન ચરિત્ર દ્વારા ભારતીય સંસ્કૃતિને ગૌરવ અપાવે છે. સંવરણ અને તપતીનો શ્રેષ્ઠ કર્મયોગ આજે પણ લોકો યાદ કરે છે. આવા શ્રેષ્ઠ ચરિત્રોને લીધે ભારતીય સંસ્કૃતિનું મહત્વ કાયમ માટે જળવાઇ રહ્યું છે.

### ૨.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–

સંવરણ અને તપતીના જીવનમાં બાળપણથી જ ધાર્મિકતાના ગુણો પડયા હતા. તેઓને ધર્મ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. તેના રાજયમાં દરેક લોકોને પણ ધર્મમાં અતૂટ શ્રદ્ધ હતી. રાજયમાં બ્રાહ્મણો લોકોને ધર્મનું જ્ઞાન સંપાદન કરતા હતા. હોમ–હવન, કર્મકાંડ વગેર નિયમીત થતા હતા. લોકો ધર્મના નામે દાન–પૂણ્ય કરતા હતા. આધ્યાત્મિક સમાજ પ્રગતિ કરી શકે તે વાત સંવરણ અને તપતી જાણતા હતા. એટલા માટે તેમણે પોતાની પ્રજાને ધાર્મિક બનાવી હતી. દરેક લોકો પોતાનું કાર્ય ઇ રમાં શ્રદ્ધા રાખીને કરતા હતા. આમ, સંવરણ અને તપતીના વિવાહથી રાજયમાં આધ્યાત્મિક વાતાવરણ નિર્માણ થાય છે.

### ૨.૬. શાસ્ત્ર–માન્યામાન્ય :–

સંવરણ પૂરુ વંશમાં ઉત્પન્ન થયેલ મહાન રાજા હતો. તે બળવાન ૠક્ષનો પુત્ર હતો. સંવરણ પણ તેના પિતા જેવો ખૂબ જ બળવાન હતો. જયારે તપતી ભયવાન સૂર્યની પુત્રી હતી. તે સાવિત્રીની નાની બહેન હતી. રાજા પ્રથમ તેને જંગલમાં જૂએ છે અને તેની સાથે વિવાહ કરવાનું વિચારે છે. પછી રાજાનો પુરોહિત મહર્ષિ વસિષ્ઠ સૂર્ય પાસે જાય છે અને સંવરણ માટે તપતીની માંગણી કરે છે. મહર્ષિના

કહેવાથી ભગવાન સૂર્ય તેમની પ્રાર્થના સ્વીકારી લે છે. આમ, સૂર્ય પોતાની કન્યાનું દાન કરે છે. આમ, સંવરણ અને તપતીના વિવાહ શાસ્ત્ર માન્ય હોય છે.

### ૩. સુકન્યા–ચ્યવનના વિવાહ :

મહર્ષિ ભૃગુનો ચ્યવન નામનો અ.ક અત્યંત તેજસ્વી પુત્ર હતો. તે અરણ્યમાં રહેતો હતો. તે કેટલાય સમય સુધી એક જગ્યાએ સ્થિર રહીને તપ કરતા હતા. ચ્યવન ઋષિ ખૂબ જ તપસ્વી હતા. તેમણે તપ દ્વારા અસંખ્ય શકિતતઓ મેળવી હતી. ભારતના શ્રેષ્ઠ તપસ્વી ઋષિઓમાં ચ્યવનની ગણના થાય છે. તેમના વિવાહ શર્યાતિની પુત્રી સાથે થાય છે. તેમનું નામ સુકન્યા હોય છે.

### ૩.૧ સામાજિક પ્રદાન :

ચ્યવન અને સુકન્યાના વિવાહ સામાજિક પ્રદાન માટે જરૂરી હતા. ચ્યવન વૃદ્ધ હોય છે. જયારે સુકન્યા યુવાન છતા પણ બન્નેના વિવાહ થાય છે. ચ્યવન અિ ની કુમારોની મદદ દ્વારા ફરી નવયુવાન બને છે અને સમાજને પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે છે. ઋષિઓનું કાર્ય સમાજને શ્રેષ્ઠ માર્ગદર્શન આપવાનું હોય છે. તે પોતાના જ્ઞાન દ્વારા તપોબળ દ્વારા સમાજમાં નવી ક્રાંતિ લાવે છે. ચ્યવન મૂનિએ દ્વિજસંઘુષ્ટ નામનું સરોવર નિર્માણ કર્યું હતું. આ સરોવરમાં સ્નાન તર્પણ કરનારને કળિયુગનો સ્પર્શ થતો નથી. ઋષિએ સમાજ માટે પોતાના તપોબળથી આવું સુંદર રમણીય તળાવ નિર્માણ કર્યું હતું. આ તળાવમાં સ્નાન કરવાથી સર્વ માનવના પાપ શાંત થાય છે. સમાજ ઋષિની કૃપાથી આ સરોવરમાં સ્નાન કરીને પોતાના પાપોને દૂર કરે છે.

### ૩.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

ચ્યવન ઋષિ મહષિ ભૃગુના પુત્ર હતા. જયારે સુકન્યા રાજા શર્યાતિની પુત્રી હતી. ઋષિઓ પોતાના જ્ઞાન દ્વારા સમાજને સુવ્યવસ્થિત બનાવે છે. તેના સમય દરમ્યાન લોકોનું જીવન સમૃદ્ધ હતું. કુટુંબવ્યવસ્થા પણ નિયમબ દ્ધ જોવા મળતી હતી. ચ્યવન અને સુકન્યા પોતાના સમય દરમ્યાન આશ્રમ પર આવતા લોકોને શ્રેષ્ઠ માર્ગદર્શન આપીને જીવનમાં નવા રસ્તો બતાવતા હતા.

### ૩.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–

ચ્યવન ઋષિના જીવનમાં પહેલાથી જ નૈતિક મૂલ્યોનું સિંચન થયેલું હતું. તેમના વિવાહ થયા ત્યારે તે વૃદ્ધ હતા. વૃદ્ધ વ્યકિતતના જીવનમાં નૈતિકતા ગુણો હંમેશા વિદ્યમાન જ હોય છે. શર્યાતિની પુત્રી સુકન્યા પણ તેજસ્વી સ્ત્રી હતી. બંનેના વિવાહ થવાથી સમાજને ખૂબ જ ફાયદો થાય છે. જ્ઞાન અને વયોવૃદ્ધ ચ્યવન તથા તેજસ્વી સુકન્યાના ગુણો લોકોના જીવનમાં આવ્યા હતા. આદર્શ મૂલ્યો થકી જ માણસના જીવનનું મૂલ્ય થાય છે. મૂલ્યનિષ્ઠ સમાજ નિર્માણ કરવા માટે ખૂબ જ પરિશ્રમ કરવો પડે છે. કેટલાંક જન્મારાનું તપ હોય ત્યારે સમાજમાં આદર્શતા, મૂલ્યનિષ્ઠતાના ગુણો નિર્માણ પામે. આમ,

ચ્યવનના જીવનમાં તો બાળપણથી જ આવા શ્રેષ્ઠ વિચારો પડયા હતા. આમ તે શ્રેષ્ઠ વિચારો લોકોને ઉપયોગી નિવડે છે તથા લોકોનું જીવન સરળ તથા સુગંધી બને છે.

**૩.૪ સાંસ્કૃતિક મહત્વ :–**

આ શ્રેષ્ઠ ઋષિમૂનિઓના વિવાહ પણ સાંસ્કૃતિક દષ્ટિએ મહત્વ ધરાવે છે. પ્રાચીન કાળમાં સોમપાનનું ખૂબ જ મહત્વ હતું. સાંસ્કૃતિ દષ્ટિએ લોકો તેને મહત્વનું સમજતા હતા. એકવાર ચ્યવનની પત્ની સુકન્યા ઉપર અિ નીકુમારોની નજર પડી. તેમણે પૂછયું, દેવી! તમે કોણ છો. સુકન્યાએ કહ્યું, ‘હું મહર્ષિ ચ્યવનની પત્ની છું.’ ત્યારે અિ નીકુમારોએ કહ્યું, ‘અમે તમારા પતિને નવયુવાન કરી શકીએ છીએ.’ સુકન્યા પતિને આ વાત કહે છે. મૂનિ સંમત થાય છે. અિ નીકુમારો પોતાની શકિતતથી ચ્યવન મૂનિએ યુવાન બનાવે છે. ત્યારે પ્રસન્ન થઇને મૂનિ કહે છે કે, ‘હું તમને સોમપાનનો અધિકાર અપાવીશ.’ આમ, સાંસ્કૃતિક દષ્ટિએ શ્રેષ્ઠ એવું સોપાન મૂનિ તે બંને કુમારોને કરાવે છે.

**૩.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–**

મહર્ષિ ચ્યવન પોતાના તપોબળથી પ્રજાના કલ્યાણ માટે અનેક તિર્થક્ષેત્રોનું નિર્માણ કરે છે. દ્વિજસંઘષ્ટ નામનું તળાવ બનાવે છે. તેમાં સ્નાન કરવાથી કળયુગનો સ્પર્શ થતો નથી. તેના નિવાસની આસપાસ આર્ચિક પર્વત છે. અહીં અનેક મહર્ષિઓ નિવાસ કરે છે. આ પર્વત પર અનેક પ્રકારના દેવસ્થાનો છે. અહીં વાલખિલ્ય નામના તેજસ્વી અને વાયુભોજી વાનપ્રસ્થો રહે છે. અહીં ત્રણ શિખરો અને ત્રણ ઝરણાં છે. એ ઘણાં જ પવિત્ર છે. આમ મહર્ષિ ચ્યવને લોકોમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા નિર્માણ થાય તે માટે થઈને અનેક તીર્થ ક્ષેત્રનું નિર્માણ કર્યુ હતું.

**૩.૬ શાસ્ત્ર–માન્યામાન્ય :–**

મહર્ષિ ચ્યવન તપોનિષ્ઠ ઋષિ હોય છે. તે એક જ સ્થાન પર વિરાસન લગાવીને તપ કરે છે. ધીરે–ધીરે એક જ જગ્યાએ રહેવાથી તેનું શરીર રાફડા જેવું થઇ ગયું હતું. એકવાર શર્યાતિ રાજાની કન્યા ત્યાં રાફડા પાસે આવે છે અને કુતૂહલવશ તે છિદ્રમાંથી દેખાતી આંખોને કાંટાથી વીંધી નાંખે છે. ચ્યવન મૂનિ ક્રોધ થયો અને તેમણે શર્યાતિના સૈનિકોના મળ–મૂત્ર બંધ કરી દીધા. ખબર પડતા રાજા પોતાના સૈનિકોનું દુઃખ મુકતત કરવાની પ્રાર્થના કરે છે. ચ્યવને કહ્યું, ‘આ અભિમાની કન્યાએ અપમાન કરવા માટે જ મારી આંખો ફોડી છે. હવે હું તેને પ્રાપ્ત કરીને જ ક્ષમા કરી શકું છું. આ વાત સાંભળીને રાજા શર્યાતિએ કાંઈ પણ વિચાર કર્યા વગર મહર્ષિને પોતાની કન્યા આપી દીધી. આમ ચ્યવન અને સુ કન્યાના વિવાહ બધા લોકોની મંજૂરી થી થયા હતા તથા તે શાસ્ત્રને માન્ય હતાં.

**૪. સાવિત્રી – સત્યવાનના વિવાહ :**

શાલ્વ દેશમાં દ્યુમત્સેન નામના એક બહુ પ્રસિદ્ધ ધર્માત્મા રાજા થઇ ગયા. આ રાજાનો વીરપુત્ર

સૂર્ય જેવો તેજસ્વી, ઇન્દ્ર જેવો વીર, પૃથ્વી જેવો ક્ષમાશીલ હતો. તેના વિવાહ મદ્ર દેશના અ પતિ રાજાનસ પુત્રી સાવિત્રી સાથે થયા હતા. સાવિત્રી પોતાના પિતાની આજ્ઞાનુસાર પોતાની રીતે પતિની શોધમા નિકળે છે. તે સત્યવાનને જૂએ છે અને પોતાના પતિ તરીકે મનોમન નકતકી કરે છે.

### ૪.૧ સામાજિક પ્રદાન :–

સત્યવાન અને સાવિત્રી ભારતીય સંસ્કૃતિના આદશૃ પાત્રો છે. બંનેનું જીવન આદર્શ અને દિવ્ય હતું. સત્યવાન ખૂબ જ રૂપવાન, સત્યવાદી, મિલનસાર અને તેજસ્વી હતો. તપ અને શીલમાં પણ તે ચઢિયાતો હતો. સાવિત્રી પણ તેના જેટલી જ પ્રભાવી હતી. બન્નેનું જીવન એટલું પ્રભાવી હતુ કે સમાજ ઉપર તેની સારી છાપ પડી હતી. બન્ને સંયમિત જીવન જીવતા હતા. સમાજ પ્રત્યે ઉદાર રહીને અન્ય લોકોને જરૂરી મદદ કરતા હતા. આમ સમાજમાં તેમનું સારું એવુ માન–સન્માન હતું. આમ, સામાજિક દષ્ટિએ તેઓનું જીવન સુંદર અને શ્રેષ્ઠ હતું.

### ૪.૨ કૌટુમ્બિક વ્યવસ્થા પર પ્રભાવ :–

સત્યવાન અને સાવિત્રીના વિવાહથી તેનું કુટુંબ ખૂબ જ પ્રસન્ન હતું. સાવિત્રી શ્રેષ્ઠ આદર્શ સ્ત્રી હતી. તે પતિવ્રતા ધર્મનું પાલન કરતી હતી. વિવાહ થયા પછી તેણે જંગલમાં રહેના જીવનની અસર તેના રાજયની પ્રજા ઉપર પડી હતી. રાજા નળ સ્વભાવે ઉદાર અને પ્રેમાળ હતા. લોવાનું હતું. તેના પતિ સાસુ–સસરા જંગલમાં જ રહેતા હતા. વિવાહ થયા પછી તેણે બધાં આભૂષણો ઉતારી દીધાં. તેણે વલ્કલ વસ્ત્ર અને ભગવાં કપડાં પહેરી લીધાં. તેણે સાસુ–સસરાની ખૂબ જ સેવા કરીને તેમને પ્રસન્ન કર્યા. પતિની પણ સતત સેવા કરીને તેમને પ્રસન્ન કરવા લાગી. સાચા અર્થમાં આદર્શ ગૃહિણી કાર્ય કરવા લાગી. શ્રેષ્ઠ ગુણો દ્વારા તેમણે કુટુંબ ઉપર સારો પ્રભાવ પાડ ો હતો. નિરંતર સેવા મગ્ન અને કાર્યરત રહીને બધાનું માન પ્રાપ્ત કર્યું હતું.

### ૪.૩ નૈતિક મૂલ્યોનું સિંચન :–

સત્યવાન અને સાવિત્રી બન્ને સંસ્કારી હોય છે. સાવિત્રીના પિતા અ પતિ બહુ ધાર્મિક હતા. તેમણે સાવિત્રીમાં બાળવયથી જ ગુણોનું સિંચન કર્યું હતું. સાવિત્રીની સેવા, ગુણ, વિનય, સંયમ અને બધાની ઇચ્છા મુજબ કામ કરવાથી બધાને સંતોષ થયો હતો. તેણે શારિરીક સેવા અને બધા પ્રકારના વસ્ત્રાભૂષણો દ્વારા સાસુજીને અને દેવતાની માફક સત્કાર કરતી રહીને પોતાની વાણીના સંયમ દ્વારા સસરાજીને પણ સંતુષ્ટ કર્યા. સત્યવાનના જીવનમાં પણ આવા જ ગુણો વિદ્યમાન હતા. તે જિતેન્દ્રિય, મૃદુ સ્વભાવનો, ઈર્ષ્યારહિત, લજ્જાશીલ અને તેજસ્વી છે. તેના માટે બ્રાહ્મણોનો અભિપ્રાય છે કે તેનામાં સરળતા હંમેશા જોવા મળે છે અને તેમાં તેની અવિચળ સ્થિતિ થઈ ગઈ છે.

### ૪.૪. સાંસ્કૃતિક મહત્વ :–

સત્યવાન અને સાવિત્રીના વિવાહને લોકો જયાં સુધી ભારતીય સંસ્કૃતિ જીવંત હશે ત્યાં સુધી

યાદ રાખશે. પતિવ્રતા સ્ત્રીનું શ્રેષ્ઠ ઉદાહરણ હોય તો તે સાવિત્રી છે. સાવિત્રીને વિવાહ પહેલા ખબર પડે છે કે પોતાનું આયુષ્ય ઓછું છે. છતાં પણ તે તેની સાથે વિવાહ કરે છે. ભારતીય સંસ્કૃતિ આવા દિવ્ય ચરિત્રોને કારણે વિ  માં આદર પામી છે. સાવિત્રીના ઉચ્ચ ગુણો ભારતીય સંસ્કૃતિને કાયમને માટે આદર અપાવતા રહેશે. તેના પતિનો જીવ યમરાજ લઇ જાય છે ત્યારે તે કહે છે, – 'પતિ વિના મને બીજું કોઇપણ સુખ મળે, તેની મને ઈચ્છા નથી. પતિ મને સ્વર્ગની કામના પણ નથી. પતિ વિના તો હું જીવતી રહેવા પણ ચાહતી નથી. આમ એક આદર્શ સ્ત્રી આવા વચનો કહીને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારે છે.

**૪.૫ આધ્યાત્મિક દષ્ટિકોણ :–**

સત્યવાન અને સાવિત્રીના વિવાહ આધ્યાત્મિક દષ્ટિકોણ પણ એટલાં જ મહત્વના છે. સત્યવાન અને સાવિત્રી બંને આધ્યાત્મિક જ્ઞાનથી પરિપૂર્ણ હતા. જ્યારે યમરાજ સત્યવાનના પ્રાણ લઇ જાય છે ત્યારે સાવિત્રી તેને સરસ મજાના જવાબ આપે છે. સાવિત્રી કહે છે, દેવ! આ સંપૂર્ણ પ્રજાને તમે નિયમપૂર્વક સંયમ–નિયમમાં રાખો છો અને તેમને અભિષ્ટ ફળ આપો છો. મન, વાણી અને કર્મથી સઘળાં પ્રાણીઓ પ્રત્યે અદ્રોહ, બધાં પર કૃપા અને દાન આપવું આ સત્પુરુષોનો સનાતન ધર્મ છે. ત્યારે યમરાજ સાવિત્રીની આ વાતો સાંભળીને કહે છે કે, –'કલ્યાણી ! તરસ્યા મનુષ્યને જેમ જળ મળવાથી આનંદ થાય છે, તારી વાતો પણ તેવી જ આનંદદાયક છે. આમ, સાવિત્રીનું જીવન આધ્યાત્મિક દષ્ટિથી પરિપૂર્ણ હતું.

**૪.૬ શાસ્ત્ર–માન્યામાન્ય :–**

સાવિત્રી ઉંમર લાયક થતાં તેના પિતા જણાવે છે કે તું તારી રીતે તારા પતિની શોધ કરી લે. સાવિત્રી પતિની શોધમાં નીકળી પડે છે. સાવિત્રી ફરતાં–ફરતાં શાલ્વ દેશમાં આવે છે. ત્યાં દ્યુમ્ત્સેન નામના રાજા હોય છે. તેના પુત્ર સત્યવાન ખૂબ જ પ્રભાવી અને જ્ઞાનથી સંપન્ન હોય છે. સાવિત્રી મનથી તેના પોતાના પતિરૂપે વરણ કરે છે.પછી તે પાછા આવીને પોતાના પિતાને જણાવે છે કે તેના પિતા સત્યવાન અને સાવિત્રીના વિવાહ કરી આપે છે. આમ, પ્રાચીન કાળમાં સ્ત્રીને પોતાની રીતે પતિ શોધવાની સ્વતંત્રતા હતી. આ સ્વતંત્રતા શાસ્ત્રને માન્ય પણ હતી. આમ સત્યવાન અને સાવિત્રીના વિવાહ શાસ્ત્રમાન્ય હતા.

આમ, પરિણય–સંસ્કાર મનુષ્યજીવનનો મહત્વનો અને જરૂરી સંસ્કાર છે. મનુષ્ય જીવનના સોળ સંસ્કારો છે. તેમાં પરિણય સંસ્કાર સૌથી અગત્યનો છે. પરિણય એ પવિત્ર બંધન છે. તે બે આત્માનું મિલન છે. પરિણય સંસ્કાર દ્વારા માણસના જીવનમાં ઘણું પરિવર્તન આવે છે. માણસ એકબીજાના સાથ–સહકારથી જીવે તે માટે પરિણય સંસ્કાર નિર્માણ પામ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં ધર્મનું ખૂબ જ મહત્વ છે. માણસ સંસારમાં રહીને અસંખ્ય કાર્યો કરે છે. આ ધાર્મિક કાર્યો સંસારી માણસ જ કરી શકે

છે. માણસ સામાજિક પ્રાણી છે તે એકલો રહી શકતો નથી, તેને બીજાના સાથ–સહકારની જરૂર પડે છે એટલા માટે આપણાં શાસ્ત્રકારોએ પરિણય સંસ્કારને આવશ્યક ગણ્યા.

મહાભારતમાં પણ પરિણય પ્રસંગો છે. તે બધાનું વર્ણન જોતાં આપણને થાય કે શ્રેષ્ઠ ગતિને પામવા માટે પરિણય સંસ્કાર અગત્યના છે. મહાભારતકાલિન રાજાઓના જીવન શ્રેષ્ઠ હતા અને તેનો મુખ્ય આધાર હતો આદર્શ કુટુંબ–વ્યવસ્થા. પ્રાચીન રાજાઓ એકથી વધારેલગ્નો કરતા હતા તેનું કારણ હતું કે તેઓ પોતાના શ્રેષ્ઠ વંશને આગળ વધારવા માટે, સુખ–ભોગ, કે મનોરંજન માટે આવું કાર્ય કરતા ન હતા. પ્રાચીન કાળના દરેક રાજાની કંઇને કંઇ જવાબદારી હતી. તેઓના કાર્યની આવનારો સમાજ નોંધ લેતો હતો તે માટે થઇને તેઓ ઉચિત વર્તન કરતા હતા.

મહાભારતના દરેક પરિણય પ્રસંગોમાં કંઇ ને કંઇ રહસ્ય છૂપાયેલુ છે. સમાજને લાંબા સમય સુધી માર્ગદર્શન મળી રહે તે માટે થઇને પ્રાચીન રાજાઓ તે પ્રમાણે જીવન જીવતા હોય છે. મહાભારતમાં ભરતવંશના રાજાઓ અને તેમાં પણ પાંડવોનું જીવન સૌથી શ્રેષ્ઠ અને પ્રભાવશાળી હતું. પાંડવોના પરિણય સંસ્કાર દિવ્ય હતા. સમાજ વ્યવસ્થા જળવાઇ રહે તે પ્રમાણે તેઓના એકથી વધારે પરિણય સંસ્કારો થયા હતા. તે દરેકની પાછળ હાર્દ પણ છૂપાયેલું હતું. આમ, પરિણય સંસ્કાર પ્રાચીન કાળથી થતા હતા અને તેનું મહત્વ પણ ત્યારથી જ સ્થાપિત થયેલું જોવા મળે છે.

**પ્રકરણ–૬, મહાભારતના પરિણય–પ્રસંગોની સમીક્ષા**

## પાદટીપ

| | | |
|---|---|---|
| 01. | મનુસ્મૃતિ | – શાસ્ત્રી ગીરજાશંકર મયાશંકર, પૃ.૧૬૫ |
| 02. | સંક્ષિપ્ત મહાભારત | – જયદલાલ ગોયન્દકા, પૃ.૫૮ |
| 03. | શ્રીમદ્ ભગવદ્ગીતા સાધક સંજીવની | – સ્વામી રામસુખદાસ પૃ.૨૬૨ |
| 04. | સંક્ષિપ્ત મહાભારત | – જયદલાલ ગોયન્દકા, પૃ.૧૩૧ |